Since 1925...
જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ
# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા
C.D.O. PRAKASH SAMIKSHA
Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com
RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૦૫ · તા. ૨૫ થી ૩૧ જાન્યુઆરી ૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

જય જય શ્રી અનંતનાથ

સુધર્મા સ્વામિની પાટે, બિરાજતા ૭૫મા પટ્ટધર પ.પૂ. શ્રીપૂજ અચલગચ્છાધિપતિ
પૂ. શ્રીમદ્ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી તેમજ પ. પૂ. ક્ષમાનંદજી આદિ ગુરુભ્યો નમઃ

૭૦મા
જન્મદિનની
વધાઈ !



આપની
લબ્ધિ
વધે
સવાઈ !

જન્મ દિન: વસંત પંચમી, મહા સુદ ૫ સવંત ૨૦૦૦

સુધર્મા સ્વામિની પાટ પરંપરાના ૭૫માં પટ્ટધર પ.પૂ. શ્રીપૂજ અચલગચ્છાધિપતિ
શ્રીમદ્ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજીના અનુગામી પ.પૂ. ક્ષમાનંદજીની પરંપરાને
સમૃધ્ધ - લોકપ્રિય અને જ્ઞાતિજન પર કૃપા વરસાવતી કરનાર
ગુરુદેવ પ.પૂ. યતિશ્રી મોતીસાગરજી શ્રીજી મ.સા.ને ૭૦મા જન્મ દિને ભાવભરી વંદના....

ઉજાળી પિતાની કેળવણી અને માતાની કુખ,
ગુરુવર્યોની ભવ્ય પરંપરાને સમૃધ્ધ કરી જ્ઞાતિને દીધા સુખ....
ધર્મ - સંઘને સમર્પિત જીવનની દરેક પળ માની પરમ સુખ...
જીવન અમારા ધન્ય બને, સાંભળી માંગલિક તમારે દિવ્ય મુખ !

**શુભેચ્છક:**
માતુશ્રી મુરબાઈ વિશનજી શિવજી લોડાયા (કચ્છ - બાંઢિયા)
માતુશ્રી જયાબેન દામજી વિસનજી પટેલ (ધરમશી) (કચ્છ - જખૌ)
વતી અ. સૌ. પ્રભાવતી હેમેન્દ્ર લોડાયા સમસ્ત પરિવાર

# શ્રી ક.દ.ઓ. મંડળ - ડોમ્બીવલી

## વ્યવસ્થાપક સમિતિની વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૭ની ચુંટણી

## "રિધ્ધી-સિધ્ધી ગ્રુપ"ના ઉમેદવારોની યાદી



**નામ : નરેન્દ્ર જેતશી શિયાલ** ગામ : દલતુંગી Mob.: 9820034268

email : narendrashial@gmail.com અભ્યાસ : B.Com પ્રોફેશન : Business

સામાજીક પ્રવૃત્તિઓ : ૧. ભુતપુર્વ પ્રમુખ શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી

૨. ભુતપુર્વ કમીટી મેમ્બર શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતી મહાજન For 2 Terms

૩. ભુતપુર્વ ટ્રસ્ટી : શ્રી ક.દ.ઓ. દલતુંગી મહાજન

૪. હાલ : શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબીવલીના ટ્રસ્ટી

૫. વાસુપૂજ્યસ્વામી ફાઉન્ડેશન માટુંગાના ડોંબીવલીના Co-ordinator.

---



**નામ : રાયચંદ દેવશી જીવાણી, બી.કૉમ.** ગામ જખૌ

Email : emkay544@gmail.com, Mob.: 9821046343

સામાજીક પ્રવૃતીઓ : ૧. ક.દ.ઓ. મુંબઈ મહાજન સંચાલીત ગૃહ ઉદ્યોગમાં બે વરસ પ્રમુખ તરીકે સેવા આપેલ. ૨. મુંબઈ મહાજન સંચાલીત નરશી નાથા મેડીકલ ટ્રસ્ટમા ત્રણ વરસ સેક્રેટરી તરીકે સેવા આપેલ. ૩. મુંબઈ મહાજન વ્યવસ્થાપક સમીતીમાં ૧૫ વરસ સેવા આપેલ.

૪. ક.દ.ઓ. મંડળ ડોંબીવલી ઉપપ્રમુખ/જોઈન્ટ સેક્રેટરી / જોઈન્ટ ખજાનચી તેમજ અન્ય હોદા ઉપર ૨૦ વરસ સેવા આપેલ.

૫.ક.દ.ઓ.સીનીયર સીટીઝન મુંબઈ કમીટી મેમ્બર છું છેલા પાંચ વરસથી સેવા આપું છું.

૬. ઓલ ઇંડીયા લેબર લો પ્રેક્ટીશ્નર એસોસીએશનમાં કમીટી મેમ્બર છેલ્લા પાંચ વરસથી છું તેમજ નવી મુંબઈ ઝોનલ કોરડીનેટર તરીકે સેવા બજાઉ છું. ૭. ગુન્હે વિષેશ મરાઠી માસિક વરીષ્ઠ પ્રતીનીધી તરીકે સેવા આપું છું.

૮. વ્યવસાયે કાયદાનાં સલાહકાર તરીકે ૩૫ વરસથી પ્રેક્ટીશ કરૂં છું. ૯. કુવાપધર ભલારાદાદા સંઘનાં કન્વીનર તરીકે સેવા આપું છું.

---



**અતુલ ડુંગરશી (ધરમશી) શાહ** ગામ : સુથરી શિક્ષણ : બી.. કોમ.

મોબાઈલ નં.૯૯૩૦૮૮૪૧૪૧ ઈમેલ : atulshah007@hotmail.com

વ્યવસાય : C.F.O. (એમ..ટી..એસ.. ગ્રુપ) ઝેવરી બજાર

સામાજીક પ્રવુતી : માજી વ્યવસ્થાપક સમિતી સભ્ય શ્રી ક.દ.ઓ.. જૈન જ્ઞાતિ મહાજન., મુંબઈ (૫ વર્ષ)

માજી માનદમંત્રી - શ્રી ક.દ.ઓ.. મંડળ.,ડોંબિવલી (૬ વર્ષ)

સલ્લાગાર- લાલબાગચા રાજા ગણેશોત્સવ

સલ્લાગાર - ૐકાર મિત્ર મંડળ, ડોંબિવલી (પૂર્વ)

માનદ મંત્રી (ભારતીય જનતા પાર્ટી) વોર્ડ ક્ર.૮૫, ડોંબિવલી (પૂ)

માનદ્ મંત્રી (૧૦ વર્ષ) થી અન્નપૂર્ણા આશિષ કો..હા.સો.. લિમિટેડ, ડોંબિવલી (પૂર્વ)

**સૌજન્ય : શુભેચ્છકો - શ્રી કલ્પેશ માણેકજી મોતા - રાપરગઢવારી - ઘાટકોપર**
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા - વરાડીયા (માટુંગા), અંબા શીપીંગ**



**નામ : સુ.શ્રી કવિતાબેન મેઘજી ખોના (કવિયત્રી, લેખિકા)**

ગામ : ગોરખડી મો.. : 9821300974 Email : kavitakhona@gmail.com

અભ્યાસ : B.Sc. વ્યવસાય : વિમા ક્ષેત્ર તથા લેખન કાર્ય

સામાજીક કાર્ય : ૧. શ્રી કે.ડી.ઓ. મંડળ - ડોંબિવલી માં હાલ માં સહમાનદમંત્રી તરીકે કાર્યરત ૨. 'જ્ઞાતિદીપ' ના ભૂ. તંત્રી, ૩. 'પરિવાર' માસિક અંકના ભૂ.તંત્રી, ૪. 'શુભકામના' ના ભૂ. તંત્રી ૫. સાહિત્ય ક્ષેત્રે સ્વરચિત કાવ્યબુક 'જિગર' ના કવિયત્રી, ૬. 'જેડલ' મહિલા ગ્રુપના ભૂ.પ્રમુખ ૭. 'મહિલા મંગલ મંચ' ના ભૂ. પ્રમુખ તથા મંડળના દરેક ખાતામાં પોતાની આગવી બુધ્ધિમતા થી દરેક કાર્ય ને નિષ્ઠા થી દીપાવનાર નમ્રશીલ કાર્યકર્તા.



**નામ : વિનય હંસરાજ ધરમશી** ગામ : ભરૂડીયા, ઉંમર ૫૬

Mob.: 9819401629

Email : vinay.dharamshi@shapoorji.com

અભ્યાસ : બી.કૉમ.

સામાજીક કાર્ય : શ્રી ક.દ.ઓ. મંડળના ભૂ. કમીટી મેમ્બર

વ્યવસાય : સર્વીસ Construction Indu.



**નામ : શ્રી કમલેશ મુલચંદ સોની**

ગામ : જખૌ, મો.૯૮૬૯૮૩૬૦૪૫ Email : kamleshmshah@gmail.com

અભ્યાસ : B.Sc. M.A. MBA - Fin. I

વ્યવસાય : સર્વીસ, મોતા ટ્રેડીંગ પ્રા.લી. Exim Consultant

સામાજીક કાર્ય : ભૂ. મેમ્બર કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન,

મેમ્બર - શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ પક્ષ) જૈન સંઘ



**નામ : વિનય હીરાચંદ લોડાયા** ગામ : વારાપધર ઉંમર : ૪૧

શિક્ષણ : બી.કૉમ વ્યવસાય : Banking

Mob.: 9920660162 E-mail : vinaylodaya@gmail.com

સામાજીક કાર્ય : લીડર ઓફ NSS ડીવીઝન ઓફ વજે કોલેજ (૧૯૯૦-૧૯૯૩)

કમીટી મેમ્બર ઓફ બૃહદ ગાંધીધામ યુવક મંડળ-૧૯૯૬

સેક્રેટરી ઓફ અરીહંત ગ્રુપ

સેક્રેટરી ઓફ શ્રી વારાપધર જૈન યુવક મંડળ



**નામ : ગીરીશ માણેકજી નાગડા (પટેલ)**

ગામ : નલિયા, ઉંમર : ૫૧, અભ્યાસ : બી.કૉમ

મો. ૯૮૧૯૩૮૭૯૩૯

Email : girish.patel@gmail.com

વ્યવસાય : Software Development (Net Advertisement with USA Firm)

Cont. to Pg.22, 23

**સૌજન્ય : શુભેચ્છકો - શ્રી કલ્પેશ માણેકજી મોતા - રાપરગઢવારી - ઘાટકોપર**
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા - વરાડીયા (માટુંગા), અંબા શીપીંગ**

# ડાઘા પરિવારનું ગૌરવ

## હાર્દિક અભિનંદન



**ભરત હીરાચંદ ડાઘા (વરાડીયા-ઘાટકોપર)**

**Sulzer Pumps India Ltd.** માં **Managing Director** પદપર નિયુક્ત થયા બદલ ડાઘા પરિવાર તેમજ મોમાયા પરિવાર ગૌરવ અનુભવે છે. તેમજ એમની સુપુત્રીઓ...



**કુ. નીરલ ભરત ડાઘા**

જન્મ તા.૨૪.૬.૧૯૮૩

**Tata Consultancy Services (Vikroli Branch)** માં **Delivery Manager** પદપર નિયુક્ત થવા બદલ **હાર્દિક અભિનંદન....**



**કુ. જીજ્ઞા ભરત ડાઘા**

જન્મ તા.૧૭.૧૦.૧૯૯૧

**Pad. Dr. D. Y. Patil University (Nerul)** થી **PHYSIOTHERAPY (BPTh)** માં **1st Class - 72%** માં પાસ થયા બદલ **હાર્દિક અભિનંદન....**

**શુભેચ્છક**

હીરાચંદ હંસરાજ ડાઘા પરિવાર    લક્ષ્મીચંદ નાગશી મોમાયા પરિવાર

અ.સૌ. ભારતી ભરત ડાઘા

સંપર્ક : ૯૮૬૭૫૬૨૨૮૪ / ૯૮૬૯૨૧૮૮૧૨ / ૦૨૨-૨૫૧૧૦૭૭૮

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 05/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય : બપોરે ૧ થી ૪ ફક્ત**
**શનિ./રવિ. અને જાહેર રજાના બંધ**

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# જૈન સમુદાય પણ હવે લઘુમતી બન્યો ત્યારે આપણી જ્ઞાતિ શું કરી શકે?

આ તબક્કે આપણી જ્ઞાતિની કેન્દ્રીય સંસ્થા શ્રી સમસ્ત મહાજન પોતાના ઉદ્દશોના અનુરૂપમાં તાત્કાલિક અસરકારક પગલાં લે એ અપેક્ષા વધુ પડતી નથી. હકિકતમાં તો, સમસ્ત મહાજને આપણી નજીકની વીશા જ્ઞાતિથી શરૂઆત કરીને, અન્ય જ્ઞાતિઓ અને ગચ્છોના અધિકારીઓનો સંપર્ક સાધીને તેમની જ્ઞાતિ-સમુદાયના દરેકે દરેક સદસ્યોની આર્થિક (વાર્ષિક આવક) તથા રહેણાક, શૈક્ષણિક, સ્વાસ્થ્ય વિષયક જરૂરીયાતો અંગેની વિગવાર માહિતી ઝડપથી એકત્ર કરવા ઝુંબેશ ઉપાડવી જોઈએ અને એ રીતે પહેલ કરીને સમગ્ર જૈન સમુદાયના કેન્દ્રીય સંગઠન તરીકે પ્રભાવી છાપ ઊભી કરવી જોઈએ. અને તે માટે સેક્રેટરી જનરલ ચિમનભાઈ મોતા અને ત્રણેક ટ્રસ્ટીઓની નિમણુક કરીને શ્રી અખિલ ભારત અચલગચ્છ સંઘના પ્રમુખ શ્રી અને મંત્રીનો હોદ્દો ધરાવતા આપણા જ્ઞાતિજનો શામજી નરશી દંડ અને કલ્પેશ માણેકજી મોતાનો પણ આ ઝુંબેશમાં અગ્રભુમિકા અદા કરવા સાથ સહકાર મેળવવો જોઈએ.

આ પ્રકારની ઝુંબેશને નિમિત્ત બનાવી સૌ સંબધિતોએ, જ્ઞાતિમાં હાલ પ્રવર્તીત ઉકળતા ચરૂ જેવા રાજકારણ - ખટપટમાં ડહોળાયેલા જ્ઞાતિપ્રવાહમાં સમુચિતપણે આશાસ્પદ તરંગો સર્જવા જોઈએ.

દર વર્ષે જ્યારે નેશનલ કમીશન પ્રત્યેક લઘુમતી સમુદાયને ફંડોની ફાળવણી કરતો હોય છે ત્યારે તેની સમક્ષ આ પ્રકારના ડેટા - વિગતો -આંકડાઓની અધિકૃત વિગતો અપાય તો તેનું વજન વધારે પડી શકે છે. તેથીજ આવી વિગતો બે-ત્રણ મહિનામાં દરેક જ્ઞાતિ પાસેથી મેળવી લેવી જરૂરી છે, જેનું સંકલન કરીને સમસ્ત જૈન સમુદાય નો એક સર્વસાધારણ ડેટા નેશનલ કમીશન ને સુપ્રત કરી શકાય.

**(કેટલાક જ્ઞાતિજનોના મંતવ્યોનું સંકલન)**

# JAINS REJOICE ! WE ARE A MINORITY COMMUNITY!!

The Government of India have recognized us, Jains, who are just 0.5% of India's population as a Religious Minority Community. This is great news for all of us. Due to this recognition, we are now eligible for certain preferential rights / treatment in the field of setting up Educational and Medical Institutions and grant of Scholarships, Jobs in Government Departments, Allotment of Government Land at concessional rates for Hospitals, Schools & Colleges and Residential Colonies for the weaker sections of our society.

Now that we are entitled to certain preferential treatment in various fields we, 30000, K.D.O's, should take the lead in educating and guiding the 50,00,000 Jains of our country on the ways and means by which we can ensure to derive the benefits of our legitimate rights. Hence I request the Leaders of our Community, who are well versed in Legal and Constitutional Matters as well as Educationists et al, to guide the entire Jain community.

We KDO's have inherited the intellectual brilliance of our Forefathers and the erstwhile "Leaders" of our community. With this genetic background it should be our endeavor to guide all Jains to greater glory in the times to come. I thus

appeal to all our “Mahajans” to come together for a “CHINTAN SHIBIR” and draw up a common programme under the able guidance of our “ Community Leaders” which will help the entire Jain community to get our legitimate benefits.

Let us remember : K.D.O = **Knowledge and Deeds which are Outstanding**.

Dharmendra Ratilal Nagda(Jakhau - Matunga)

## જૈનોને લઘુમતીના ક્યા ક્યા લાભ મળશે ?

કેન્દ્રની પ્રધાન મંડળની ૨૦ જાન્યુઆરીની બેઠકમાં જૈન સુદાયને લઘુમતીનો દરજજો આપવાની જાહેરાત કરાતાં દેશભરના જૈનોમાં ખુશીની લહેર ફેલાઈ છે. લઘુમતી દરજ્જાના ફાયદા શો છે? તે જાણવાનો પ્રયાસ કરીએ.

જૈનોનાં દેરાસરો, ઉપાશ્રયો, ધર્મસ્થાનકો વગેરે સ્થળોની પ્રોપર્ટીઓમાં વર્ષોથી રહેતા ભાડૂતોને તેમના મકાન ખાલી કરવા પડી શકે. જૈનોનાં ટ્રસ્ટો, ધાર્મિક સંસ્થાઓમાં સરકારી દખલગીરીનો અંત આવશે તેમ જ જૈન સમાજ સંચાલિત કોલેજોમાં જૈન વિદ્યાર્થીઓ માટે ૫૦ ટક્કા આરક્ષણ રાખી શકાશે. આ તત્કાળ લાભો છે.

ભારતની કુલ વસતિમાં જૈનોની વસતિ માત્ર ૦.૪ ટક્કા જેટલી છે. હવે તેમને મુસ્લિમો, શીખ, ખ્રિસ્તીઓ, બૌદ્ધ અને પારસી કોમની સમકક્ષ લાવીને લઘુમતી દરજ્જો આપવામાં આવ્યો છે. કેન્દ્રના લઘુમતી બાબતોનાં મંત્રાલય દ્વારા માત્ર લઘુમતીઓ માટે ચાલતી બધી સ્કીમોનો લાભ હવે જૈનો પણ લઈ શકશે.

નવી દિલ્હીના અહિંસા ફાઉન્ડેશનના સ્થાપક એ. કે. જૈને જણાવ્યું હતું કે લઘુમતીના દરજ્જો સાથે આઈઆઈટી તેમ જ આઈઆઈએમ જેવી શૈક્ષણિક સંસ્થાઓમાં એડમિશન તેમજ રોજગારમાં આરક્ષને સાંકળવી જોઈએ નહીં, કારણકે આઈઆઈટી - આઈઆઈએમ તેમ જ રોજગારમાં આરક્ષણ માત્ર અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાત વર્ગના લોકોને મળે છે. જૈનો નાણાકીય રીતે સધ્ધર છે અને તેઓ આ શ્રેણીમાં આવતા નથી.

એ. કે. જૈન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પણ છે. તેઓ કહે છે કે અમારાં મંદિરો અને ટ્રસ્ટો પાસે જંગી પ્રમાણમાં મિલકતો છે, રોકડ છે. એ મંદિરો અને ટ્રસ્ટોના રોજબરોજના વહીવટમાં હવે સરકાર હસ્તક્ષેપ કરી નહીં શકે. આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા અમારાં કેટલાંક મંદિરોને તેની હેઠળ લાવવા માગતું હતું, પરંતુ હવે તે આ બાબતમાં બહુ કંઈ કરી શકશે નહીં. જૈનોની સંસ્થાઓને હવે રેન્ટ કન્ટ્રોલ કાયદાઓમાંથી પણ મુક્તિ મળી શકશે. હવે આ સંસ્થાઓ તેમની મિલકતોમાં વર્ષોથી નજીવા ભાડાંમાં રહેતા ભાડૂતોને ખાલી કરાવવા કાનૂની પગલાં લઈ શકશે. આ ઉપરાંત જૈનો તેમની સંસ્થાઓમાં સાંસ્કૃતિક અને ધાર્મિક બાબતો શીખવી શકશે અને જમીન માટે સરકારી નાણાં પણ માગી શકશે.

ભારતમાં લગભગ ૫૦ લાખ જૈનો છે જેમાં મોટા ભાગે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ અને દિલ્હી રાજ્યોમાં વસે છે.

દેશનાં ૧૧ રાજ્યોએ જૈનોને ક્યારનોય લઘુમતી દરજ્જો આપી દીધો. છે અને કેન્દ્ર સરકાર દેશના તમામ જૈનોને એ દરજ્જો આપે એવી માગણી જૈનો દાયકાઓથી કરી રહ્યા હતા. ઘણા ચડાવ ઉતાર પછી આખરે ગત ૨૦મીના કેન્દ્રીય પ્રધાનમંડળે આ નિર્ણય લીધો હતો.

નેશનલ કમિશન ફોર માઈનો રિટીઝના ચેરપર્સન વજાહત હબીબુલ્લાહે કહ્યું હતું કે દરેક કોમને તેની પોતાની સમસ્યાઓ હોય છે. મુસ્લિમોને શિક્ષણ, બૌદ્ધો માટે દેશના વિવિધ ભાગોમાં આવેલાં તેમનાં ધર્મસ્થાનોના પુનરુત્થાન, તો જૈનોને તેમનાં ધર્મસ્થાનો અને મંદિરોના સંરક્ષણની સમસ્યા છે અલબત્ત, તેમણે એક આશ્ચર્યકારક વિધાન કર્યું હતું કે મોટા ભાગના જૈનોએ સ્કોલરશિપની જરૂર હોતી નથી, કારણકે તેમનો સમાજ નાણાકીય રીતે સધ્ધર છે. આથી આનાથી અન્ય કોમોને બહુ ફરક નહીં પડે.

જૈનોમાં સાક્ષરતાનું પ્રમાણ ૯૦ ટકાથી વધુ છે. મુસ્લિમ કોમ લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા આપતી સ્કોલરશિપોનો મહદંશે લાભ લે છે, કારણકે લઘુમતી કોમોમાં તેમની વસતિ સૌથી વધુ છે. આ મંત્રાલયનું આ માટેનું વાર્ષિક બજેટ લગભગ ૩૦૦૦ કરોડ રૂપિયા જેટલું હોય છે.

('જન્મભૂમિ' માંથી સાભાર)

# વીરસેનાનો વિજય એજ ડોંબિવલીના જ્ઞાતિજનોનો વિજય

**શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ - ડોંબિવલી આયોજીત કારોબારી સભ્યોની ચૂંટણી
વર્ષ (૨૦૧૪-૨૦૧૭) માં અમારી વીરસેના પેનલને આપનો પવિત્ર મત આપી
જવલંત વિજય અપાવી ડોંબીવલી તથા આજુબાજુના પરિસરમાં વસતા
આપણા જ્ઞાતિજનોના વિકાસના સહયોગમાં સહભાગી બનો.**

**ચૂંટણી તારીખ:**
**તા. ૨.૨.૨૦૧૪**

**સમય સવારે ૯.૦૦ થી
સાંજે ૫.૦૦ કલાક સુધી**


વીરેન્દ્ર ભવાનજી લોડાયા
- નલિયા

**ચૂંટણીનું સ્થળ :**
**કે.બી.વીરા હાયસ્કુલ,
ડોંબિવલી પુર્વ**


વિજય વિસનજી સોની
- વાંકું નલિયા


હરિશ ખેતશી શિયાળ
- જખૌ


અરવિંદ રાયચંદ લોડાયા
- દલતુંગી


વિશ્વજીત ખીમજી લોડાયા
- કોઠારા


પ્રફુલ કેશવજી નાગડા
- વારા પધર


વિમલ ડુંગરશી માલદે
- દલતુંગી


ચેતન લહેરચંદ નાગડા
- નલિયા


અજય હિરાચંદ શિયાળ
- જખૌ


દેવેન્દ્ર હિરજી ધરમશી
- તેરા


મુકેશ હિરાચંદ શિયાળ
- જખૌ


રિધ્ધિશ બિપીન છેડા
- જસા પર


પ્રજ્ઞેશ હિરાચંદ નાગડા
- નલિયા


ઉર્મિલા પાસુભાઈ લાલકા
- મોટી ખાવડી


કોકીલા મુકેશ શિયાળ
- જખૌ


વંદના ભદ્રીચંદ દંડ
- નલીયા


ભક્તિ જીતેન્દ્ર સાંયા
- સુજાપર

**અમારી પેનલને જ્વલંત વિજય અપાવો**

**અનુરોધ કર્તા :**

પ્રવીણ હંસરાજ લોડાયા (અરિખાણા - મુલુંડ),
પ્રવિણ જેઠાલાલ લાપશીયા (દલતુંગી - મુલુંડ),
ગોવિંદજી લાલજી પટેલ (સાંધવ - મુલુંડ),
લાલજી વેલજી લોડાયા (વારાપધર - ડોંબીવલી),
વિપુલ ડુંગરશી માલદે (દલતુંગી - ડોંબિવલી),
વિજય મોતીલાલ લોડાયા (મોટી ખાવડી - ઘાટકોપર),
કલ્યાણજી લાપશી છેડા (નલિયા - ઘાટકોપર),
અશોક મણિલાલ દંડ (ભરોડીયા - મુલુંડ),
તરૂણ ધનજી ધરમશી (સુથરી - જુહુ),
હિરાચંદ વેસનજી નાગડા (ડોંબીવલી - રાપરગઢવારી),
ભદ્રીચંદ ભવાનજી દંડ (નલિયા - ડોંબીવલી)

જયેશ ભાગચંદ જૈન (કોઠારા - મુલુંડ),
સંજય નવિનચંદ્ર ધરમશી (સુથરી - પુના),
કુલીનકાત પદમશી પીર (સુથરી - ડોંબીવલી),
પ્રફુલ ચિમનલાલ મોતા ( તેરા - ડોંબિવલી),
જીવરાજ ગોવિંદજી લોડાયા (મોટી ખાવ઼ડી - ઠાણા),
સમીર લક્ષ્મીચંદ નાગડા (નલીયા - ઘાટકોપર),
બિપીન પાશ્વીર નાગડા (રંગપુર- મુલુંડ),
બાબુલાલ જીવરાજ લોડાયા (ગોરખડી - માટુંગા),
ભરત હંસરાજ વિકમશી (વારાપધર - ડોંબિવલી),
ઝવેરચંદ ટોકરશી લોડાયા (ડોંબીવલી - વારાપધર),
ચાંદની પરેશ લાલકા (લાલા- વાશી)

## જૈનોએ અલ્પસંખ્યકનો દરજ્જો મેળવવા શામાટે પ્રયત્ન કર્યો ? તેનાથી શું લાભ મળશે ?
## ભારતીય જૈન સંઘટનાની રજુઆત

આમ તો છેક ૧૯૦૧થી શરૂ થયેલ વસતી ગણતરીમાં પહેલેથી જૈનોને અલગ ગણવામાં આવ્યા છે પણ વસતી ગણતરી કરનાર અને તે સંબંધે પ્રતિભાવ આપનાર જૈનોમાં જાગૃતિ ન હોવાથી જૈનો ૧૯૯૧ની વસતી ગણતરીમાં પારસીઓ (૦.૦૧%)ની જેમ (૦.૦૪) જેટલા એટલે કે

## શ્રી રંગપુર સામતાણી નાગડા પરિવારના કુળદેવી શ્રી અંબેમાની સાતમી ભવ્ય સમૂહ પહેડી પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

કુળદેવી શ્રી અંબેમાની સદાય વરસી રહેલી અસીમ કૃપા અને આપણા નાગદેવતા તથા સુરાપુરા દાદાના આશિર્વાદ તેમજ આપ સૌના સાથ સહકારથી સાતમી ભવ્ય પહેડીનું આયોજન કરેલ છે.

**પહેડીનો મંગલમય અવસર :**
**તા. ૦૯.૦૨.૨૦૧૪ ને રવિવાર ને (મહા સુદ દશમ)નાં**
**શુભ સમય : બપોરના ૨.૦૦ થી રાત્રે ૧૦.૦૦ કલાક સુધી**

**પાવન સ્થળ : જાશ્મીન બેન્કવેટસ્ હોલ, એન. ઈ. એસ ઈન્ટરનેશનલ સ્કુલ,**
**મનોરંજન પાર્કની સામે, સાઈપ્રસ, ઈન્ડીયન બેન્કની બાજુમાં ,**
**ન્યુ મલબાર હિલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૫.**

આ શુભ પ્રસંગે શ્રી રંગપુર સામતાણી નાગડા પરિવારના સર્વે ભાવિક કુટુંબીજનો, નિયાણી બહેનો - જમાઈ રાજાઓને સહ પરિવાર તેમજ આમંત્રિત મહેમાનોને સ્નેહભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. આ પ્રસંગે ભાવિક મંડળ તથા દાતા પરિવાર આપને આવકારવા ઉત્સુક છે.

**સૌજન્ય દાતા : માતુશ્રી મોતીબાઈ ત્રીકમજી જીવરાજ નાગડા પરિવાર**
**લાભાર્થી પરિવાર : માતુશ્રી કંચનબેન તથા દિપાલીબેન ગુલાબચંદ નાગડા**

**સ્વાગતોત્સુક**

**અ. સૌ. મીતલ જતીન નાગડા** — **અ. સૌ. ભારતી કાંતિલાલ નાગડા**
**અ.સૌ. મીતા ભરત નાગડા** — **અ. સૌ. જયોત્સના અરવિંદ નાગડા**

આ પ્રસંગે કોઈપણ ભાવિકોને સમુહમાં કાર્યક્રમ આપવાની ઈચ્છા હોય તો તેમણે તા. ૩૧.૦૧.૨૦૧૪ સુધીમાં નીચે આપેલ કમીટી મેમ્બરો પાસે નામ નોંધાવવા વિનંતી.

**શ્રી અનીલ ગાંગજી નાગડા** 9892394741, **શ્રી કાંતીલાલ માણેકજી નાગડા** 9920240116,
**શ્રી જીતેન્દ્ર વીરજી નાગડા** 9820722899, **શ્રી ચેતન દામજી નાગડા** 9820247242,
**શ્રી દિપક દેવચંદ નાગડા** 9323093233, **શ્રી ચંદ્રેશ જેઠાલાલ નાગડા** 9322242939,
**શ્રી જતીન ગુલાબચંદ નાગડા** 93239 20093 **શ્રી ભાવેશ શાંતિલાલ નાગડા** 9320104464

**નોંધ : સૌને પત્રિકાઓ મોકલી છે, કોઈ કારણસર ન મળી હોય તો આ જાહેર આમંત્રણને રુબરુ આમંત્રણ મળ્યાની જેમ સમજી અવશ્ય પધારશો. જે ભાવિકો તથા નિયાણી બહેનો /દિકરીઓના એડ્રેસ બદલાયા હોય અથવા આમંત્રણ પત્રિકા ન મળતી હોય તો તેમણે કમિટી મેમ્બરને જાણ કરવા વિનંતી છે.**

**શ્રી રંગપુર સામતાણી નાગડા પરિવારના જય માતાજી**

અલ્પસંખ્યકોમાં પણ અતિ અતિ અલ્પ સંખ્યક ગણાય તેટલી સંખ્યામાં ગણાય.

ઇ.સ.૨૦૦૧ અને ૨૦૧૧ની વસતિગણતરી થઇ તે વખતે જૈનોએ વસતિગણતરીમાં પોતાને જૈન તરીકે જ ઓળખાવવા જોઇએ એવી ઝુંબેશ ચલાવવામાં આવી પણ તેના પરિણામે એકંદરે ટકાવારીમાં માત્ર (૦.૦૧%) વધી (૦.૦૫%)સુધી પહોંચી છે. તેથી, એકંદર સ્થિતિ તેવી જ છે.

ઇ.સ.૨૦૦૬માં સુપ્રિમ કોર્ટે પોતાના એક ચુકાદામાં નિશ્ચિતપણે (અવિવાદિત રૂપે) જૈન ધર્મ હિંદુ ધર્મથી અલગ છે એ વાત માન્ય કરી તેથી પણ જૈનોમાં પોતાની અસ્મિતા અને વિશેષતા પ્રત્યેક જાગૃતિ આવી છે.

ભારતીય બંધારણની કલમો ૨૫ થી ૩૦ દરેક અલ્પ સંખ્યક ધર્મના અનુયાયીઓને પોતાના ધર્મ તથા સંસ્કૃતિની રક્ષા કરવાનો અધિકાર, શિક્ષણ સંસ્થા સ્થાપવા તથા તેમનું સંવર્ધન કરવાનો અધિકાર, ધાર્મિક શિક્ષણ અને આરાધનાનો અધિકાર, ધર્મની અભિવૃદ્ધિ માટે ફાળા ઉઘરાવવાનો અધિકાર , જંગમ અને સ્થાવર મિલકત મેળવવા તથા તેની માલિકી રાખવા અને નિયમ કાયદા પ્રમાણે તેના વહીવટનો અધિકાર અપાયેલ છે.

આ અંગે જાગૃતિ ન હોવાથી આજે જૈન મંદિરો લૂંટાઇ રહ્યા છે, જૈન ભગવાનોની મૂર્તિઓ ખંડિત થઇ રહી છે. જૈન સંતો પર જાન લેવા હુમલા થઇ રહ્યા છે.

જૈનો માટે અલ્પસંખ્યકનો દરજ્જો શા માટે જરૂરી છે એ વિશે આટલી વાત કર્યા પછી અલ્પસંખ્યક જાહેર થાય તો જૈનોને શું લાભ મળશે તે જાણીએ.

- જો જૈનોને અલ્પસંખ્યકનો દરજ્જો મળે તો રાજ્ય સરકારો અને રાજ્યો દ્વારા સ્થાપિત ડેવલપમેન્ટ ઓથોરીટી નવી કોલોનીઓના વિસ્તારોને મંજૂર કરતી વખતે જેમ મસ્જિદો, ગુરુદ્વારા, બુધ્ધ વિહાર અને ચર્ચો માટે જમીન ઉપલબ્ધ કરાવી આપે છે તેમ જૈનોના મંદિરો માટે પણ ઉપલબ્ધ કરાવશે.
- અલ્પ સંખ્યકનો દરજ્જો મળ્યા પછી રાજ્યની વિધાનસભાઓ, પબ્લિક સર્વીસ કમિશન અને બીજા મહત્વના કમિશનોમાં જૈન વ્યક્તિઓની નીમણૂક થશે.
- અલ્પસંખ્યકનો દરજ્જો મળ્યા પછી જૈનો દ્વારા સ્થપાતી શિક્ષણ સંખ્યાઓ માટે રાજ્ય સરકારો રાહત દરે જમીનો ઉપલબ્ધ કરવાશે.

## શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ,

દ્વારા: નરેન્દ્ર શામજી દંડ, ૧૬, શાંતિભુવન,ત્રીજે માળે, મેકડોનાલ્ડની ઉપર, રેલ્વે સ્ટેશન સામે, મુલુંડ (વેસ્ટ),
મુંબઇ–૪૦૦ ૦૮૦ ટેલી. 2564 75 72

**શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ** | **શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ**
**સંવત: ૨૦૭૦** | **મુલુંડ તા.૨૦.૦૧.૨૦૧૪**

**શ્રી તેરા, કુવાપધર, લાખણીયા તથા ધુફી ગામના ભાઇ–બહેનો જોગ,**
**જય જીરાવલ્લા, જય શામળીયા, મિચ્છામી દુક્કડમ..**

આપ સહુને સુવિદિત જ છે કે દર વર્ષે આપણે સૌ ક્યારેક મુંબઇમાં તો ક્યારેક મુંબઇની બહાર નક્કી કરેલ કોઇક સ્થળે ચૈત્ય પરિપાટી રૂપે જઇએ છીએ અને ત્યાં સ્નેહમિલન હોય છે. અમોને જણાવતાં આનંદ થાયછે કે આ વર્ષે આપણાં ચારેય ગામનું *સ્નેહ મિલન* સમારંભ તા. ૧૬.૦૨.૨૦૧૪ ને રવિવારના કામણ ખાતે યોજવાનું નક્કી કરેલ છે સાથે અન્ય બે તીર્થો ગીરનાર ધામ તથા લોઢા તીર્થનો દર્શન–લાભ પણ મલશે જ. આ માટે આપ સહુને સહર્ષ આમંત્રણ પાઠવીએ છીએ. આશાછે કે આપ સર્વે વરસ ના ૩૬૫ દિવસમાંથી ફક્ત એક દિવસ ગામ માટે કાઢી આ કાર્યક્રમમાં હોંશે હોંશે જોડાશો જ. આ માટે વ્યકિત દિઠ નકરો રૂ.૧૦૦/–(રૂપીયા એક સો પૂરા) રાખેલ છે. આપણાં પોતાના ગામ માટે મન મોર બની થનગાટ કરવું જોઇએ અને તો જ બાત બન જાયે...

વિવિધ સ્થળોથી બસ દ્વારા સવારના ૬.30 કલાકે રવાના થઇ કામણ સેવા–પૂજા–નવકારશી, બાદ ઉપર જણાવેલ બે તીર્થોનો દર્શન લાભ લઇ પાછા કામણ આવી બપોરનું ભોજન, તથા સ્નેહ મિલન રહેશે જેમાં શેઠ શ્રી નરશી નાથાની છબીને હારારોપણ, તપસ્વી બહુમાન,વિધાર્થી બહુમાન,સાંસ્કૃતિક કાર્યક્રમ–રમત ગમત વગેરે પછી સાંધ્ય ભોજન લઇ પરત આવશું. પરિપત્ર બધાને આવશે જ. આપના સલાહ સૂચનો આવકાર્ય છે. **અમારી સાથે કાર્ય કરવા માગતા ભાઇ–બ્હેનો કાર્યકર્તા તરીકે જોડાઇ શકે છે.**

ખાસ નોંધ: તે.કુ.લા.ધુ.ની નીયાણીઓને પણ સહકુટુંબ પધારવા ખાસ આંમંત્રણ છે જે આપશ્રી જરૂરથી પાઠવશો જી.

તા.ક. આ કાર્યક્રમમાં જોડાનાર આપ સહુના નામ તથા તપસ્વી–વિધાર્થીઓના નામ મોડામાં મોડા **તા.૫.૨.૧૪** સુધી આવી જવા જોઇશે. સાંસ્કૃતિક કાર્યક્રમ માટે પણ નામ આવકાર્ય છે. આપના સરનામાં માં ફેરફાર હોય તો કાર્યાલય ઉપર અપડેટ કરાવશો જી.

એજ લિ. શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘના
જય જીનેન્દ્ર

• સામાન્યરીતે અનુદાનવાળી શાળાઓમાં શિક્ષકની નીમણૂક કરવી હોય તો સરકારનું શિક્ષણ ખાતું કરે તેમ કરવું પડે છે પણ જો અલ્પ સંખ્ય તરીકે માન્યતા મળી હોય તો જૈન શિક્ષણ સંસ્થા પોતાની મરજી મુજબના શિક્ષક નીમી શકશે. તે છતાં અનુદાન મેળવવામાં વાંધો નહીં આવે. તેવી જ રીતે કોઇ કારણસર શિક્ષકોને નોકરી પરથી કાઢવા પડ્યા તો પણ તે અંગે કાનૂની અડચણ નહીં આવે.

• ભારત સરકારનું કાનૂન મંત્રાલય દરેક અલ્પસંખ્યક ધર્મ સંબંધી ખટલાઓમાં રજૂઆતો માટે અદાલતોમાં સરકારી વકીલોની નીમણૂક કરે છે. તેમાં અલ્પસંખ્યક તરીકેના અધિકારમાન્ય હોય તો તે જ ધર્મના સરકારી વકીલની સેવા મળે છે. જૈનોને માટે જૈન વકીલની એમ.

• ભારત સરકાર અલ્પસંખ્ય ધર્મ-જાતિના લોકોને કોઇ ભેદભાવ અત્યાચાર, શોષણ ધાર્મિક સંપત્તિ કે તીર્થ પર અતિક્રમણ વગેરે તકલીફો ન પડે તે માટે અલ્પસંખ્યક કમિશન અને મંત્રાલય

## શ્રી આણંદ પરિવાર

**વરાડીયામાં બીરાજમાન સચ્ચાઈ માતાને નમતા સર્વે દંડ પરિવારો જોગ,**

જય જિનેન્દ્ર. અમારા પૂણ્યોદયે, અમારા આણંદ પરિવારને આપણી કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજી કે જેમનું સ્થાનક વરાડીયા - કચ્છમાં આવેલું છે, તેમની આગામી પહેડી મુંબઈમાં કરવાનો આદેશ મળેલ છે, આ એક અત્યંત આનંદની વાત છે.

**આ કાર્યક્રમ તા. ૧૧.૦૫.૨૦૧૪ને રવિવારના શ્રી અનંત સિધ્ધિ, ગ્રાઉન્ડ ફલોર, બેન્કવેટ હોલ (એ.સી.) લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વેસ્ટ) ખાતે સવારના ૭.૦૦ વાગ્યાથી યોજેલ છે.** (પહેડી પહેલા પ્રખ્યાત નવકાર મહામંત્ર આરાધક શ્રી જયંતભાઈ રાહી અને સાથીઓ સંગાથે નવકાર મહામંત્ર જાપનો લાભ પણ લેશું) જે માટે આ **આગોતરૂં આમંત્રણ** પાઠવીએ છીએ.... પરિપત્ર તો પછીથી આવશે જ.

તો આશા છે કે આપ સહુ સહકુટુંબ આ પહેડીમાં માતાજીની ભક્તિ - ભાવનાનો રસાસ્વાદ માણવા તથા પહેડી પ્રસાદનો લાભ લેવા જરૂરથી પધારશો જ. બહારગામ વસતા ભાવિકોને નમ્ર વિનંતી કે આપના આવવાની ટિકિટો એ પ્રમાણે સમયસર બુક કરી લેશોજી તેમજ આપના આવવાની જાણ અમોને તે મુજબ કરશોજી. **નીયાણીઓને પણ પહેડીમાં ખાસ આમંત્રણ છે,** જે આપશ્રી પાઠવશો જી. આપના સલાહ સૂચન આવકાર્ય છે.

**અગત્યની નોધ :** જાપ કે પહેડીમાં કાળા વસ્ત્રો પરિધાન કરશો નહિં એજ નમ્ર વિનંતી.

**એજ લિ. શ્રી સચ્ચાઈ માતા પરિવાર**
**તથા શ્રી આણંદ પરિવાર વતી,**
**કુમાર દંડના જય માતાજી.**
**સંપર્ક : ૦૨૨-૨૧૬૬૪૮૧૨/૧૩,**
**૦૯૩૨૨૬૮૦૦૦૮**

## શ્રી પદ્મમુક્તિ વાત્સલય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

# સાધર્મિક રત્નોની

## ભાવભરી અનુમોદના

પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની. પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલ. પ.પૂ. શ્રી જયદર્શિતા શ્રીજી મ.સા. આશિર્વાદ અને માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટ પરિવાર પોતાના કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરતા સરળતા પુર્વક આગળ વધે છે.

પ. પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પાવન સ્મૃતિમાં અને પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી સાધર્મિક રત્ન બનવાનો લાભ લેનાર દાતા :

૧. **શ્રી. નરશી શામજી ધરમશી** (મુલુંડ, નલિયા) એ લીધેલ છે. જેઓએ ટ્રસ્ટનો **રૂ. ૧,૦૦,૦૦૦** નો યોગદાન આપેલ છે. ટ્રસ્ટ પરિવાર તેમને **સાધમિર્ક રત્ન**નો ખિતાબ આપી નવાજી રહ્યો છે.

૨. **માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા** (વિદ્યાવિહાર/ચાલીસગામ કચ્છ - ગામ કોઠારા) જેઓએ ટ્રસ્ટનો **રૂ. ૧,૧૧,૦૦૦**નું યોગદાન આપેલ છે. ટ્રસ્ટ પરિવાર તેમને **સાધર્મિક રત્ન**નો ખિતાબ આપી નવાજી રહ્યો છે.

ઉપરોક્ત બન્ને દાતા પરિવારનો શ્રી પદમ મુક્તિ વાત્સલય નીધી ટ્રસ્ટ- ચાલીસગામ ખુબ ખુબ આભારી છે.... ભવિષ્યમાં આવોજ સાથ સહકાર્ય માનવ સેવાના કામ માટે તન, મન અને ધનથી મળતો રહે એ સાથે આપનો ધન્યવાદ!

ચલાવે છે. જો જૈનો અલ્પસંખ્યક ધર્મ સમુદાય જાહેર થાય તો તેમને આ સુરક્ષા મળી શકે.

• કેન્દ્ર સરકાર અલ્પસંખ્યક સંબંધિત મામલાઓનું ઝડપથી નીવારણ થાય તે માટે દરેક રાજ્યમાં ખાસ વિભાગ રાખે છે. જો જૈનો અલ્પસંખ્યક ધર્મ સમુદાય જાહેર થાય તો તેમને પણ આનો લાભ મળી શકે.

• રાષ્ટ્રીય અલ્પસંખ્યક કમિશન કે રાજ્યના અલ્પસંખ્યક કમિશન દરેક અલ્પસંખ્યક જાહેર થયેલ ધર્મના પ્રતિનિધિને પોતાનામાં સ્થાન આપે છે. જો જૈનો અલ્પસંખ્યક જાહેર થયા હોય તો એવો લાભ મળી શકે.

• અલ્પસંખ્યક જાહેર થયેલા ધર્મના કોઇ મિલકતનું સરકાર અધિગ્રહણ નથી કરતી અને એવું થાય તો સરકારને તે માટે ખાસ અધિકારી નિયુક્તિ કરીને તેને મુક્ત કરાવે છે.

• સરકારી ભરતીની કોઇ પરીક્ષા અલ્પસંખ્યક જાહેર થયેલા ધર્મની રજાના દિવસે નથી થતી.

• અલ્પસંખ્યક જાહેર થયેલા ધર્મોના ધાર્મિક સ્થળોને ઉપદ્રવથી નુકસાન પહોંચે તો સરકાર તેને પોતાના ખર્ચે રીપેર કરાવે છે.

• બેંકો પણ અલ્પસંખ્યક જાહેર થયેલાને ઓછા દરે કર્જ આપે છે તથા તેના રોકાણ પર વધુ વ્યાજ આપે છે.

• સરકાર દ્વારા ચલાવાની ૧૫ સૂત્રીય યોજનામાં અલ્પસંખ્યક ગરીબોને ભણાવા માટે રોકડા તેમજ બીજી સહાયથી માંડી ઘરની સુવિધા છે.

• આવકવેરામાં પણ અલ્પસંખ્યક જાહેર થયેલાઓને કેટલીક છૂટ મળે છે.

• અત્યારે અદાલત સમક્ષ આવતા જૈનોના કેસ હિંદુ કાયદા પ્રમાણે ચાલે છે પણ જો જૈનો અલ્પસંખ્યક જાહેર થાય તો ભદ્રબાહુ સંહિતાના આધારે ઘડેલા જૈન કાયદા પ્રમાણે કેસ ચલાવવાની કાર્યવાહી કરી શકે છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

• સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.

• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676


## મહારાષ્ટ્રે સરકારે જૈન સમાજને અલ્પસંખ્યાંક જાહેર કર્યો તે સરક્યુલરની નકલ

महाराष्ट्र शासन सामान्य प्रशासन विभाग

शासन निर्णय, क्रमांक आरएमएन-२००३/१२१६/ प्र.क्र.११४/०३/३५ मंत्रालय, मुंबई - ४०० ०३२. दिनांक : ७ मे, २००४

शासन निर्णय: राष्ट्रीय अल्पसंख्यांक आयोग अधिनियम, १९९२ अन्वये केंद्र शासनाने मुस्लिम, खिश्चन, शीख, बुद्धिस्ट व झोराष्ट्रीयन (पारसी) या समाजांना अल्पसंख्याक समाज म्हणून घोषित केलेले आहे. त्यामुळे राज्यातही या समाजांना अल्पसंख्याक समाजास अनुज्ञेय असलेल्या सुविधा उपलब्ध आहेत. राज्यातील जैन समाजाकडून वरील पाचही समाजाप्रमाणे त्या समाजासही अल्पसंख्याक समाज म्हणून घोषित करावे, अशी मागणी करण्यात आलेली होती व ती शासनाच्या विचाराधीन होती. शासनाने याबाबत सारासार विचार करुन राज्यातील जैन समाजास अल्पसंख्याक समाज म्हणुन घोषित करण्याचा निर्णय घेतला आहे.

महाराष्ट्राचे राज्यपाल यांच्या आदेशानुसार व नावाने. (यु.पी.एस.मदान) सचिव, महाराष्ट्र शासन


Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી

• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક

• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી

• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સકલુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

Mob. : 7666688881

ગુરૂવાર બંધ



**મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ" ની અમૃતવાણી... (૪૦)**
**- સોમ ધરમશી (કચ્છ)-09726776627**

**"ફાટી લીબાસેં લિર, તિતે અચીંધી અગડી;**
**હીયડે ડુરે હીર, તેંકે સેભા કીં અચેં?"**

**શબ્દાર્થ :** લીબાસ (ઉર્દુ શબ્દ) = પોષાક, કપડા, લીર = લુગડાનો મોટો કટકો - ચીરો, અગડી = થીગડું, હીયડે = હૈયે, ડુરે = દડી પડવું, વિંખાઈ જવું, હીર = તાણાવાણા, સેભા = ટાંકા ટુંકું શિવણ કે સિલાઈ. (અહીં આપેલ શબ્દાર્થ ઉપરની પંક્તિના સંદર્ભમાં છે. કચ્છી ભાષામાં એક શબ્દના અનેક અર્થ થતા હોય છે)

**ભાવાર્થ:** કવિ તેજની બાનીમાં ક્યારેક સરસ ઉર્દુ શબ્દનો પ્રયોગ યોજાય છે. લીબાસ શબ્દના અનેક અર્થ નીકળી શકે. મુખ્ય અર્થ છે પહેરવેશ, પોષાક કે કપડાં. તેવાજ સુંદર મજાનાં શબ્દ પ્રયોગો છે 'અગડી' અને 'સેભા'. કચ્છી શબ્દોની આ રમઝટ મનને આનંદિત કરી દેતી હોય છે.

ઉપરોક્ત પંક્તિમાં ઉપમા અલંકારનો ઉપયોગ કરી કવિ કહે છે કે પોષાક કે પહેરવેશમાં ક્યાંક ખૂત પડી, પોષાક ક્યાંકથી ફાટ્યું તો તેને થીગડું મારી ઢાંકી શકાય છે અને ચલાવી શકાય છે. કેટલાક રફુ કરનાર દરજીઓ એટલું સરસ રફુ કરી. આપે છે કે કપડા પર પડેલો ચીરો દેખાતો જ નથી. પોષાક નવોજ લાગે અને મોંઘા કપડા સચવાઈ જાય છે.

કવિ પછી વ્યથા પ્રગટ કરતાં કહે છે કે કોઈના દિલનાં કે મનના કે હૈયા રૂપી કપડામાં શાબ્દિક બાણોથી જો કાણા પડે કે તાણાવાણા વિખાંવા માંડે, દડી પડવા માંડે તો આ હીરને સીવવાનાં ગમે તેટલા પ્રયત્નો કરો તો તેમાં વધુ લીરા ઉડવા માંડે તેને સેભો દેવું મુશ્કેલ બની જાય છે. તેથી હૈયડાનાં હીરને સાચવવા અતિ કપરું કામ છે અને કવેણથી આ હીર ને ડુરતાં વાર લાગતી નથી.


શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


ઉપરોક્ત દોહામાંથી પસાર થતાં ગુજરાતી સાહિત્યનાં પ્રખર સાહિત્યકાર અખા ભગત, જે પોતાના છપાનાં કારણે જાણીતા છે. તેમની એક રચના યાદ આવી

***"મોતી ભાગ્યું વીંધતાં, મન ભાગ્યું કવેણ***
***ઘોડો ભાંગ્યો ઠેંકતાં, એને નહીં સાંધો નહીં રેણ"***

ઉપરોક્ત પંક્તિમાં મન, કવેણથી ભાંગી પડે તેની વિષમતા દર્શાવવા મોતી અને ઘોડો કેવી રીતે નકામો થઈ જાય છે, ઉપયોગમાં ના આવે એવો થઈ જાય છે એનું બેનમુન દ્રષ્ટાંત રજુ કરેલ છે. મનની સાથે મોતી અને ઘોડોનાં દ્રષ્ટાંત આપી, કવેણથી તુટી પડતાં, ભાંગી પડતાં મન ઉપર સંવેદનાનાં પડતાં ચાબખાનાં કારણે સંબંધોમાં જે તિરાડ ઊભી થાય છે તેને "સેભાથી" શીવી શકાતી નથી.

શબ્દને ભાવ સાથે ક્યાં કેવી રીતે બોલવું જોઈએ તેની સભાનતા કેળવવા કવિ આડકતરી સલાહ આપે છે. હમેંશા વેણ મીઠાં અને મધુરાં હોવા જોઈયે, તેમાં તોછડાઈ કે તીખાપણું ન હોવું જોઈએ. કોઈની સાથે સંબંધ કે મિત્રતા બાંધતાં વર્ષોનાં વર્ષો લાગે છે પણ એક જ કવણ એ મિત્રતા - સબંધનાં મહેલને કડડભૂસ કરી નાખે છે.

સંત કબીર દાસજીએ પણ કહ્યું છે કે કડવી વાણી બોલવાની ટેવ નુકશાનકારક અને ખરાબ છે. સાંભળનારને કડવો શબ્દ ઊભોને ઊભો સળગાવી દે છે. પણ જો મીઠી અને પ્રેમાળ વાણી વહેતી રાખીએ તો કોઈના મનનાં કે દિલનાં લીરા ઉડવાની શક્યતા નથી તેથી કોઈના મનને દુઃખ ન પહોંચે તેવું આપણું વર્તન - કથન હોવું જોઈએ.

**"કુટિલ બચન સબસે બુરા,**
**જારી કરે તન છાર...**
**સાધ બચન જલ રૂપ હૈ,**
**બરસે અમૃત ધાર"**

***- સંત કબીર***


શુભેચ્છાસહ.....
**શીતલ કોટન ટ્રેડર્સ**
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઈમ્બતુર)

## હવે થનારા કાર્યક્રમો

### મહાકાલી મંદિરે ૩૮માં વરસનો ધ્વજા ઉત્સવ

મહાકાલી મંદિરે ૩૮માં વરસનો ધ્વજા ઉત્સવ કચ્છ ભુજપુર સ્થાને શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર નાં ૩૮માં વરસ સાલગીરી મહાસુદ ૧૨ મંગળવાર તા. ૧૧.૨.૧૪ના ઉત્સવથી ઉજવાશે.

જેમાં ચક્રેશ્વરીદેવી, શ્રી મહાકાલી દેવી, શ્રી અંબાજી દેવી, શ્રી પદમાવતી દેવી, શ્રી મહાલક્ષ્મીદેવી, શ્રીપૂજ મ.સા, શ્રી ગૌતમ સ્વામી શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવ બધી મુર્તિઓના મહાઅભિષેક - ચુંદડી - અલંકાર અને જે તે દેરીની ધ્વજા લાભ જે તે ભાવિકને અપાશે. ઉપરાંત નવગ્રહ અને દશદિકપાલ - પાટલા પૂજન, માતાજીના મહાપુજન બાદ ધ્વજારોહણ થશે.

બપોર બાદ શાસન રક્ષક ઘંટાકર્ણ મહાવીનું મહાપુજન - હવન થશે. આમાં પ્રભાવના, સાધાર્મિક ભક્તિ, આરતી વગેરોનો લાભ લેવાની ભાવનાવાળા ભાગ્યશાળીઓએ યતિશ્રીને મો. ન. ૯૩૭૩૪૫૧૪૧૪ / ૯૯૬૯૧૮૪૩૭૭ પર જણાવી અવશ્ય લાભ લેવા. ભાવિકોને સ્થાનિકે પધારવા લાભ લેવા આમંત્રણ છે. માતાજીના જાગૃતસ્થાને ૩૮મી સાલગીરીમાં મહાપુજા - અભિષેક, નાની મોટી પુજામાં લાભ મલશે. વધુ જાણકારી સંપર્ક કરી મેળવી લેશો.

### શ્રી મોટીખાવડી હિતવર્ધક મંડળ

શ્રી મોટીખાવડી હિતવર્ધક મંડળ મુંબઈનું ૩૧મું સ્નેહમિલન થાણા R-MALL વિલેજમાં રવિવાર તા. ૦૯/૦૨/૨૦૧૪ ના રોજ સવારનાં ૧૧થી સાંજના ૬ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. થાણા સ્ટેશનથી વિલેજ જવા માટે બસની સગવડ રાખવામાં આવેલ છે. વધુ વિગત માટે મયુર લોડાયાનો મો.નં. ૯૩૨૨૩૧૧૧૪૬ / ૯૩૨૨૮૧૧૬૨૦ પર સંપર્ક કરવો.


**કન્યા જોઈએ છે**

નવયુવક ઉમ્ર ૩૧ (માર્ચ ૧૯૮૩), નુખ લોડાયા ગૌરવર્ણ, માંગલિક (સૌમ્ય), શિક્ષણ પીયુસી (૧૨વી) ઉત્તીર્ણ, હાઈટ ૫'-૬", વજન ૭૦ કિલો, વ્યવસાય હોલસેલ મેડીસીન એજન્સી, નાનુ કુટુમ્બ, વાર્ષિક આવક ૨.૫૦ લાખ થી વધારે માટે કન્યા જોઈએ છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કર્નાટક અને ગુજરાત ને પ્રાથમિકતા કન્યા નો ફોટો બાયોડાટા મોકલશો.

સંપર્ક મણીલાલ કેશવજી ધરમશી ઉદય સિવ્હીલ લાઈન,ગોંદિયા -મહારાષ્ટ્ર ૦૭૧૮૨ ૨૩૬૯૪૯

M : 09764002913


### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ

સમુહલગ્ન મહોત્સવ ભુજમાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ જોડનાર વર - વધુ તેમજ કાર્યકરોનો દાતા પરિવાર તરફથી તા. ૨૮.૦૨.૨૦૧૪ થી ૨.૩.૧૪ સુધી મહુડી, બીજાપુર, આગલોટ, શંખેશ્વરજી, પાલીતાણાની યાત્રા કરવામાં આવશે.

**ફરી વખત વિમા એજન્ટો ને મળતો સર્વોચ્ચ ખિતાબ M.D.R.T મેળવવા બદલ અભિનંદન**



**શ્રી ધીરેન ગોવિંદજી ખોના**

(બાલાઈ) નલીયા - મુલુંડ (ઈસ્ટ)

છેલ્લા ૨૦ વર્ષથી એલ.આય.સી (જીવન વિમા)નું કામ કરે છે. સંપર્ક : ૯૯૨૦૦૨૯૩૦૦ / ૯૮૭૦૨૨૯૩૦૦ તેમને સારો ધંધો મેળવવા માટે જીવન વિમા એજન્ટોને મળતો. **M.D.R.T** નો ખિતાબ પહેલાં ૨૦૦૭માં મળ્યો હતો. અને હવે ફરીવખત ૨૦૧૩માં પ્રાપ્ત થયો છે. તેમની આ સફળતા બદ્દલ ખુબ ખુબ અભિનંદન અને ઉજ્જવળ ભાવિ કારકિર્દીની શુભકામના!!!

શુભેચ્છક:

**માતુશ્રી ગંગાબાઈ રામજી લોડાયા પરિવાર** વતી **ચેતન દિનેશ લોડાયા**

(સાંધવ - મુલુંડ)

**માતુશ્રી લક્ષ્મીબેન નરશી દંડ પરિવાર** વતી **ઉત્તમ ભવાનજી દંડ** (સાંધવ - )

# જન્માક્ષર નથી મળતા

વનિતા



વિશ્વ

પ્રત્યૂષ અને અવનિ એકબીજાના પરિચયમાં આવ્યાં. લગભગ ચારેક વર્ષની મૈત્રી પછી તેમણે લગ્ન કરવાનો નિર્ણય કર્યો. બેઉએ પોતપોતાના ઘરમાં વાત કરી. વડીલોએ સહર્ષ સંમતિ આપી. તેઓ હોંશેહોંશે લગ્નનું મુહુર્ત કઢાવવા ગયાં.

જોષીને જન્માક્ષર બતાવ્યા. બેઉના જન્માક્ષર પર નજર નાખતાં વેંત જોષી બોલ્યા, જન્માક્ષર નથી મળતા. ભાઈની કુંડળીમાં મંગળ છે અને બેનની કુંડળીમાં નથી. શનિ ય નથી. આથી લગ્ન થાય તો બેનની જિંદગીનુંજોખમ છે.

"હવે?" માબાપ કહે, "અટકી જાઓ, જાણીને જોખમ ન વહોરાય."

પ્રત્યૂષ મૂંઝાયો. એ કહે, "આ તો અવનિની જિંદગીનો સવાલ છે. અમે લગ્ન નહીં કરીએ. આજ સુધી મિત્રો બનીને રહ્યાં છીએ. એમ જ જિંદગીભર રહીશું."

માબાપ કહે "આવી રીતે શું કામ રહેવું પડે? તમે એકબીજાંને ભૂલી જાઓ અને બીજે લગ્ન કરો."

પ્રત્યૂષ કહે, "એ તો સંભવ નથી. અમે એકબીજાંને ભુલી શકીએ નહીં."

અવનિ બોલી, "શું કામ આપણે અન્યોન્યને ભૂલવા પડે? આપણે લગ્ન અટકાવવાની જરૂર નથી. જે ઈશ્વરે આપણા હૃદયમાં પ્રેમના અંકુર ઉગાડયા છે તે આપણને સંભાળશે."

"પણ ગ્રહો?"

"આપણે ગ્રહોને પૂછીને પ્રેમ નથી કર્યો, તો લગ્ન માટે સંમતિ લેવાની?"

અવનિની મક્કમતા જોઈને વડીલો કહે, "મનમાં વહેમ ઊભો થયો છે તો એનું નિરાકરણ તો કરવું જ પડશે. આપણે બ્રાહ્મણ પાસે વિધિ કરાવીએ, જાપ કરાવીએ."

અવનિ કહે, "તમારા બધાંના મનના સમાધાન ખાતર મારા માટે જાપ પણ હું કરીશ. બ્રાહ્મણ પાસે નથી કરાવવા. તમે બધાં અમને આશીર્વાદ આપો અને મનમાં કોઈ શંકા-કુશંકા ન કરશો."

પ્રત્યૂષ અને અવનિનાં લગ્ન થયે આજે ત્રીસ વર્ષ થયાં. બેઉ ભરપૂર જીવે છે.

કોઈ અવનિને પૂછે છે, "ધાર કે તને કંઈ થયું હોત તો?"

"થયું હોત તો થયું હોત.... મેં મનમાં ડર રાખ્યો જ નહોતો. મનમાં એક જ ભાવના હતી કે જેટલું જીવીએ એટલું મન મૂકીને જીવીએ, ક્ષણેક્ષણને રસથી જીવીએ."

આપણે ત્યાં અમુક જ્ઞાતિ અને કુંટુબોમાં જન્માક્ષર મેળવવાની પ્રથા છે. જોકે જન્માક્ષર મેળવ્યા પછી થયેલાં લગ્નોમાંય વિઘ્નો આવે છે અને જન્માક્ષર મળતા ન આવે તોય શુભમંગલ પરમ તત્ત્વમાં શ્રદ્ધા રાખીને આગળ વધારનારના જીવનમાં કંઈ વાંધો નથી આવતો.

માણસનું જીવન એવું રહસ્યમય છે. ધારો કંઈ ને થાય કંઈ. કોઈ એનો તાગ નથી પામી શક્યું.

કુષ્ઠરોગીઓને જીવન સમર્પિત કરનાર સુરેશભાઈ સોની અને એમનાં પત્ની ઈન્દિરાબેનના જન્માક્ષર મળતા ન હતા. તેથી જોષીએ લગ્નની ના કહી હતી. પરંતુ સંતરામ મંદિરના મહારાજશ્રીના આશીર્વાદ લઈને બેઉએ લગ્ન કર્યાં, ને કેવું ઉદાત્ત જીવન તેઓ જીવે છે! લગ્નના ચાર દાયકા પસાર થઈ ગયા છે. હિંમતનગર રાજેન્દ્ર ચોકડી પાસે એમની સંસ્થા સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટમાં કુષ્ઠરોગીઓને સારવાર આપ છે ને કુષ્ઠરોગીઓના


શુભેચ્છા સહ...

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UK KHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057



**અસલ કલા-કસબનો સમન્વય**

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786

પુનર્વસનની બધી વ્યવસ્થા છે, ઉપરાંત મંદબુદ્ધિનાં ભાઈઓ અને બહેનોને રખાય છે. કેટકેટલા માણસોના જીવનમાં એમણે દીપક પ્રગટાવ્યા છે.

નાનપણથી સુરેશભાઈના મનમાં માનવસેવાનો આદર્શ હતો. અને એ આદર્શને સાકાર કરવા એમને ઈન્દિરાબેન શ્રેષ્ઠ સહધર્મચારિણી લાગ્યાં હતાં, ને તેથી સામે ચાલીને એમણે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. બેઉ પોતાના હૃદયના આદેશને અનુસર્યાં ને એમનું જીવન સાર્થક કર્યું.

સુરેશભાઈ કહે છે, કોઈ પણ પગલું ભરો તો પૂરી શ્રદ્ધાથી ભરો ઈશ્વરમાં શ્રદ્ધા, જાતમાં શ્રદ્ધા, જીવનસાથીમાં શ્રદ્ધા, વિશ્વમાં પ્રવર્તમાન શુભમંગળ તત્વમાં શ્રદ્ધા, તો બધું સારું જ થાય.

**- અવંતિકા ગુણવંત**
**એક દૂજે કે લિએ પુસ્તક માંથી સાભાર**

## ગુજરાતરાજ્ય ભૂત પૂર્વ અધિકારીશ્રી ઉમરશીભાઈ કુરુવાનું દુ:ખદ અવસાન



રાજ્ય સરકારના ભૂતપૂર્વ અધિકારીશ્રી અને પછાત કલ્યાણ બોર્ડના સચિવશ્રી શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવાનું ૨૦ જાન્યુઆરીના રોજ અમદાવાદ ખાતે દુ:ખદ અવસાન થયેલ છે.

શ્રી ઉમરશીભાઈ નિવૃતિ પછી આણદજી કલ્યાણજી પેઢીમાં મેનેજર તરીકે પણ કામ કરતા હતા. અમદાવાદના કચ્છી જૈન સમાજની પ્રવૃતિમાં પણ તેઓશ્રી સક્રિય હતા. તેઓશ્રીનું જીવન ધર્મ અને સમાજસેવાને સમર્પિત હતું.

૧૯૪૨ની લડત વખતે આઝાદીના ચળવળના સમયે મુંબઈ ખાતે શ્રી ઉમરશીભાઈ કુરૂવા વિદ્યાર્થીકાળમાં વિવિધ ચળવળોમાં ભાગ લેતા હતા અને તેનું નેતૃત્વ પણ કરતા હતા. ખોટા સામાજિક રીતરીવાજો અને લગ્ન આદિના ખોટા ખર્ચાઓનો તેઓશ્રી એ વિરોધ એ સમયે તેમજ ત્યારબાદ પણ કરતા હતા.

ગુજરાત રાજ્યમાં કચ્છ ખાતે તેઓશ્રીને ૧૯૫૧માં જ્યારે કચ્છ સી પાર્ટ રાજ્ય હતું ત્યારે પ્રથમવાર પોસ્ટીંગ મળેલ. હરિજનો અને સમાજકલ્યાણ, પછાત વર્ગ કલ્યાણના ખાતામાં તેમણે વરસો સુધી સેવા આપી હતી. ત્યારબાદ અમદાવાદ - ગાંધીનગર ખાતે પછાત વર્ગ કલ્યાણ બોર્ડના સચિવ તરીકે તેઓશ્રી નિવૃત્તિ સમયે હતા. નિવૃતિનો સમય સેવા અને ધર્મન પ્રવૃત્તિમાં તેઓશ્રી વિતાવતા હતા.

તેમના પત્ની પ્રમિલા કુરવાનું અવસાન ૧૯૮૪માં ૬૦ વરસની વયે બ્રેન હેમરેજથી થયેલ.

તેમના પુત્ર જીતેન કુરવા અમદાવાદ ખાતે વકીલ છે. બે પુત્રીઓ ચૌલા કુરવા તેમજ હેમા લાલકા અને જમાઈ શ્રી મહેન્દ્ર લાલકા તેમજ પોત્ર-દોહિત્રી - દોહિત્રીઓ અને પુત્રવધુ સહિતનો બહોળો પરિવારની સાથે તેમણે તેમનું સમાજસેવા અને ધર્મપરાયણ જીવન વિતાવ્યું. તેમની પ્રાર્થના સભા શુક્રવાર ૨૪ જાન્યુઆરીના રોજ કચ્છી જૈન સેવા સમાજ પાલડી અમદાવાદ ખાતે યોજાઈ હતી.

## અનંતછાયા રીવ્યુ પીટીશન

અનંતછાયાના વેચાણ અંગે ટ્રસ્ટના નિર્ણયને પડકારતી રીટ પીટીશનમાં અપાયેલ ચુકાદાની પુનર્વિચારણા (રીવ્યુ) કરવા બાબતે મુંબઈ હાઈકોર્ટમાં ચંદ્રસેન મોમાયાએ કરેલ અરજીની સુનવની માટે ચોક્સ તારીખ નિયત કરવાની કાર્યવાહીના સદર્ભમાં રજીસ્ટ્રાર દ્વારા જરૂરી સૂચના આપવા તેમના બોર્ડ પર મેટર તા. ૩૦ જાન્યુઆરી ૨૦૧૪માં આવશે. તે પછી નામદાર ન્યાયમુર્તી રીવ્યુ અરજીની સુનાવણીની તારીખ નક્કી કરશે.

## સ્વસ્તિક કપ - ૨૦૧૪ ક્રિકેટોત્સવ

શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી દ્વારા સ્વસ્તિક કપ ૨૦૧૪ નું આયોજન એપ્રિલ ૨૦૧૪ના રોજ ડોંબિવલીમાં રાખવામાં આવેલ છે. જે પણ ટીમને પોતાની ટીમનું નામ નોંધવવું હોય તેમણે જયેશ લોડાયા - 7506093970, રાજીવ ધરમશી - 9773098648 નો સંપર્ક કરવો. નામ નોંધવવાની છેલ્લી તારીખ : ૧૫ ફેબ્રુઆરી ૧૪ છે.


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

## શબ્દાનંદ



### આડી ચાવી

૧. ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતી થનાર ભારતીય કૅપ્ટન (૬)
૭. એક શિકારી પક્ષી (૨)
૮. સારો-નરસો દહાડો (૫)
૧૦. નિચોવીને કાઢેલો રસ (૩)
૧૨. કુસ્તિબાજ (૨)
૧૩. લાચાર, ગરીબ (૨)
૧૪. ખૂબ, પૂષ્કળ (૨)
૧૫. ધરતીનો છેડો ..... (૨)
૧૭. પાંચમું પાતાળ (૪)
૧૮. બકરાં-ઘેટાં પૂરવાની જગ્યા (૨)
૧૯. ૩૦ દિવસનો સમય (૨)
૨૦. પંચગની/મહાબળેશ્વર પહેલાનું મુખ્ય સ્થળ/જીસ્સો (૨)
૨૧. એક બેધારું હથિયાર (૩)
૨૨. ઓઢવાની ઓછાડ (૩)
૨૩. આશય, હેતુ (૨)
૨૪. ખબર (૪)
૨૬. કેટલાક ધાર્મિક પદ્યગ્રંથોને આપવામાં આવેલું નામ (૨)
૨૮. ધ્યાન, ઉદ્દેશ (૨)
૨૯. પરીક્ષામાં .. થવું જરૂરી છે (૨)
૩૧. પાઠ, ધડો (૩)
૩૪. વેર, (૩)
૩૫. કડી, જોડાણ (૩)
૩૬. વગવસીલો (૪)

### ઊભી ચાવી

૧. પૃથ્વી (૩)
૨. જૂઠું બોલવાની ટેવવાળું (૩)
૩. લતામંડપ (૨)
૪. ખરીદનારું (૩)
૫. કિસ્મત, નસીબ (૪)
૬. એક કાંટાળુ વૃક્ષ (૨)
૯. વર્ણ, રંગ (૨)
૧૧. ખબરદારી, સાવધાની (૪)
૧૨. બુદ્ધિ (૨)
૧૪. દેશ-વિદેશ (૬)
૧૫. માટીનું પાણી ભરવાનું પાત્ર (૨)
૧૬. સોબત તેવી .... (૩)
૧૭. વિદાયગીરી વખતે આપેલી ભેટ (૪)
૧૮. મરનારની મિલકતનો હકદાર (૩)
૧૯. એક જાતનું સુતરાઉ કાપડ (૫)
૨૨. જવાહરલાલ નહેરુ બાળકોના ... હતા (૨)
૨૫. માપ, પ્રમાણ (૨)
૨૭. ધાતુના પતરાની છીછરી તાળી (૩)
૩૦. એક નાનું ચોપગું પ્રાણી (૩)
૩૨. જોર (૨)
૩૩. અંત, નિવેડો (૨)
૩૪. અવયવ, ભાગ (૨)

*- વનિતા હરીશ નાગડા (વડાલા)*




## સંખ્યાવન NUMBER GAME

અહીં ચોકઠામાં તમારે નીચે આપેલી સંખ્યાઓ યોગ્ય ખાનામાં મૂકવાની છે. શરૂઆત કરવાની સરળતા પડે એટલે એક સંખ્યા ૧૬૮ પહેલેથી આપી છે.

**બે આંકડાની સંખ્યા :** ૧૯, ૩૫, ૩૮, ૪૧, ૬૨, ૭૨, ૭૫, ૮૧, ૮૯, ૯૨

**ત્રણ આંકડાની સંખ્યા :** ૧૮૯, ૨૬૮, ૩૨૪, ૪૩૭, ૬૯૯, ૮૫૩,

**ચાર આકડાની સંખ્યા :** ૧૨૭૮, ૧૩૪૫, ૨૪૬૮, ૨૬૩૮, ૪૧૩૯, ૪૮૧૭, ૫૭૪૩, ૬૫૪૭, ૭૫૪૯, ૯૫૩૨

**પાંચ આંકડાની સંખ્યા :** ૧૪૨૩૭, ૨૧૯૩૪, ૨૯૫૩૭, ૩૨૮૫૨, ૪૩૫૫૧, ૫૩૧૪૮, ૬૧૨૪૯, ૯૫૩૭૮, ૭૩૮૭૬

**છ આંકડાની સંખ્યા :** ૨૭૯૫૨૩, ૪૨૧૮૩૬, ૫૪૯૮૨૩, ૬૪૨૮૩૭, ૬૯૩૪૭૫, ૭૮૫૧૩૯, ૮૨૧૭૫૬

**IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS:**

**2 Digit Nos :** 19, 35, 38, 41, 62, 72, 75, 81, 89, 92

**3 Digit Nos :** 189, 268, 324, 437, 699, 853,



**4 Digit Nos :** 1278, 1345, 2468, 2638, 4139, 4817, 5743, 6547, 7549, 9532

**5 Digit Nos :** 114237, 21934, 29537, 32852, 43551, 53148, 61249, 95378, 73876

**6 Digit Nos :** 279523, 421836, 549823, 642837, 693475, 785139, 821756




**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ગદગ દેરાસર શતાબ્દી મહોત્સવ સમિતિ

ગદગ દેરાસર શતાબ્દી મહોત્સવ સમિતિ આ પ્રમાણે છે : શ્રી નવીનચંદ શામજી લાલકા (ચેરમેન), શ્રી સતીશ પ્રવીણચંદ લુઠીયા (સેક્રેટરી), શ્રી ચંદ્રકાન્ત લાલજી લોડાયા (ખજાનચી),

**સભ્યો :** શ્રી હરીશ શિવલાલ મુનવર, શ્રી સુધીર જવેરચંદ સોની, શ્રી પંકજ વીરજી ગાલા, શ્રી હીતેન્દ્ર ખીમજી વીરા, શ્રી વિરેન્દ્ર પદમશી લોડાયા, શ્રી દિનેશચંદ કુંવરજી લોડાયા, શ્રી વિપુલ કાંતિલાલ મોતા, શ્રી ભરત લાલજી લોડાયા, શ્રી રવિન્દ્ર કુંવરજી લોડાયા, શ્રી સુજીવ જવેરચંદ સોની, શ્રીમતી મુલકુમારી કુમારપાળ લાલકા, શ્રીમતી તરલાબેન કાંતિલાલ નાગડા.

પેટા સમિતિઓ અને તેના ચેરમેન : વૈયાવચ્છ સમિતી - શ્રી તરલાબેન કાંતિલાલ નાગડા, પુજન તથા અનુષ્ઠાન સમિતિ - શ્રી પંકજ વીરજી ગાલા, સ્વાગત સમિતિ - શ્રી લાલજી માણેકજી લોડાયા, ટ્રાન્સપોર્ટ તથા એકોમોડેશન સમિતિ - શ્રી સુજીવ જવેરચંદ સોની, કેટરિંગ સમિતિ - મુલકુમારીબેન કુમારપાળ લાલકા, રજીસ્ટ્રેશન સમિતિ - ભારતીબેન ખુશાલ ધરમશી, ડેકોરેશન તથા પેંડાલ સમિતિ - શ્રી રવિન્દ્ર કુંવરજી લોડાયા, ભક્તિભાવના તથા સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ - શ્રી હિતેન્દ્ર ખીમજી વીરા, સોવેનિયર સમિતિ - શ્રી વિરેન્દ્ર પદમશી લોડાયા, સ્ટેજ રચના અને બહુમાન સમિતિ - શ્રી ભરત લાલજી લોડાયા, ચૈત્ય પરિપાટી તથા શોભાયાત્રા સમિતિ - શ્રી ભરત વીરજી ગાલા, વિડીયો - ફોટોગ્રાફ સમિતિ - શ્રી દિપક જયચંદ ખોના તથા શ્રી ગિરિશ કુંવરજી નાગડા

## શ્રી છત્તીસગઢ વિધાનસભામાં ચુંટાયેલા જૈનોનું સન્માન

શ્રી સકલ જૈન સમાજ તરફથી રવિવાર તા. ૧૨.૦૧.૧૪ના રાયપુરની શ્રી જૈન દાદાવાડીમાં છત્તીસગઢ વિધાન સભાની ચુટણીમાં વિજયી જૈન સમાજના જ વિધાયકોનો અભિનંદન સમારોહ રાખવામાં આવેલ.

તેમાં શ્રી રાજેશ મૂણતજી - માનનીય મંત્રી - છતીસગઢ શાસન, શ્રી સંતોષ બાફનાજી - માનનીય વિધાયક - જગદલપુર, શ્રી લાભચંદજી બાફના - માનનીય વિધયાક - સાજા, (બધા ભાજપ ના નેતાઓ) શ્રી ડો. વિમલ ચોપડાજી - માનનીય વિધાયક - મહાસમુંદ (અપક્ષ)

આ અભિનંદન સમારોહમાં જૈન સમાજની ૩૬ સંસ્થાઓએ ભાગ લીધેલ, જેમાં ક.દ.ઓ. મહાજન પણ સામેલ હતું. સંઘ પ્રમુખ તરૂણ શિવજી લોડાયા હતા.

આપણા સંઘ તરફથી ચારેય વિધાયકોને શાલ, શ્રીફળ અને અભિનદન - પત્ર આપવામાં આવેલ.

શ્રી સકલ જૈન સમાજની સંયોજક સમિતિમાં વિભિન્ન સંસ્થાઓના સદસ્યો હતા. જેમાં આપણા સમાજના શ્રી ચંદ્રેશ વીરચંદ શાહ હતા.

આપણા સમાજના ભાઈ-બહેનોની સારી ઉપસ્થિત હતી. કાર્યક્રમ પછી સ્વામી વાત્સલની વ્યવસ્થા આવી હતી.

## છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળની જંગલ ક્ષેત્રની પિકનિક

છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ-



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

પરિવારની બે દિવસીય પિકનિક તા. ૧૧.૧ થી ૧૨.૧.૧૪ રાયપુરથી વન્ય પ્રાણીઓને નિહાળવા બારનવા પારા જંગલક્ષેત્ર (લગભગ - ૧૦૦ કિ.મી. દુર) માં ગયી હતી. જેમાં ૭૨ જણ સામેલ થયા.

રાત્રી રોકાણ ફોરેસ્ટ તથા ટુરીજમ વિભાગના રેસ્ટ હાઉસમાં કરેલ. બે દિવસના આયોજનમાં યુવક તથા યુવતિઓની ક્રિકેટ મેચ, હાઉસી, કપલગેમ, બેડ મિંટન ગેમ વિ. વિભિન્ન રમતો રમાડવામાં આવી. વિજેતાઓને પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવેલ.

રાત્રી કેમ્પ ફાયર સાથે કર્મા નુત્ય પાર્ટી સાથે મૌજમસ્તીથી ભાગ લીધેલ. યુવા ઉમંગ - ૨૦૧૩માં ગયેલ ક્ષેત્રેના યુવાઓનું બહુમાન કરવામાં આવેલ.

આ પિકનિકને સફળ બનાવવા માટે અમિત મૈશેરી, નિતેશ નાગડા, સચિન મોમાયા, દિપેશ લાલકા, ભાવિક નાગડા, સૌ હેમલ મનીષ લોડાયા, હિતેશ મોમાયા, મિલન મૈશેરી, નયન છેડા અને ચંદ્રેશ શાહ એ વિશેષ જહેમત ઉઠાવેલ.

## ડોંબીવલી નવરાત્રી

શ્રી અંકુશ મિત્ર મંડળ ગાવદેવી ડોંબિવલી (વેસ્ટ) દ્વારા નવરાત્રી પ્રોગ્રામ ડોંબિવલી (પશ્ચિમ)માં ખુબ જ ધામધુમથી ઉજવાયેલ. માતાજીની સ્થાપના શ્રી રિતેશ શિયાળે સજોડે કરાવી. દરરોજ ભક્તોને ડ્રાયફ્રુટનો પ્રસાદ, પિપરમેન્ટ, ચાકલેટ, તથા બીસલેરી પાણી આપવામાં આવેલ. દરરોજ મહારાજ વિધીસર આરતી તેમજ પુજાપાઠ કરાવતા. જેમણે ફંડફાળા નોધાવેલ તેઓને મંડળ તરફથી ઈટાલીયન કોટન નેપકીન સપ્રેમ ભેટ આપવામાં આવેલ. આઠમના દિવસે તેમજ દશેરાના દિવસે પ્રિતી ભોજન અને પ્રોગ્રામો થયા.

આ મંડળ સાથે ઘણા કેડીઓ જોડાયેલા છેઃ શ્રી પરેશ જંયતીલાલ માલદે (પ્રમુખશ્રી ગુજરાતી સમાજ), શ્રી કિરીટ કાંતીલાલ લોડાયા (ખજાનચી), હિંમતલાલ જેઠાલાલ લાપશીયા (માનદમંત્રી), શ્રી ભાઈચંદ લખમશી ખોના (સહ માનદમંત્રી), શ્રી પ્રફુલ મોતા (કાર્યકર્તા), વિજય લોડાયા, કાંતિલાલ વીરજી શિયાળ (સલાહકાર સભ્ય શ્રી)

## કચ્છ ભુજ પાસે સીટી સ્કવેર મધ્યે ગુરૂમંદિરની શીલારોપણ વિધિ સંપન્ન



ભુજ નજીક લાખોંદ ગામ સામે આવેલા મીની શંખેશ્વર મહુડી ધામ સીટી સ્કવેર પરિસર મધ્યે રાષ્ટ્ર સંત, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.નાં ગુરૂ મંદિરનું ભૂમિપૂજન તથા શીલારોપણ વિધી કાર્યક્રમો તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદય સાગર સૂરીશ્વરજી મ.સા. તથા શ્રમણ - શ્રમણી વૃંદની શુભ પાવન નિશ્રામાં યોજાઈ હતી. આ ગુરૂ મંદિર પુષ્પાબેન વિનોદભાઈ દેવરાજ ગંગર પરિવારના સહયોગથી નિર્માણ પામશે.

આ પ્રસંગે સીટી સ્કવેર પરિવાર દ્વારા રાજુભાઈ શાહ તથા મનીષભાઈ મોરબીયાએ દાતાશ્રીએ પુષ્પાબેન તથા વિાનેદભાઈ ગંગરનું સન્માન કર્યું હતું. મંદિરનું નિર્માણ કરનાર સોમપુરા સોમાભાઈને પણ આ પ્રસંગે સન્માનિત કરાયા હતા.

સમગ્ર વિધિ વિધાન શ્રી ચન્દ્રકાંતભાઈ દેઢીયાએ કરાવ્યા હતા. વ્યવસ્થામાં અનીલ ડાઘા તથા અનીલ શાહે સહકાર આપ્યો હતો. કાર્યક્રમમાં જૈન જૈનેતરો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **અમિત એન લોડાયા** | બી - ૩૦૩, ગાર્ડન કોર્ટ, વસંત લીલા કોમ્પલેક્સ પાસે, વાઘબીલ, ઘોડબંદર રોડ, થાણે (વેસ્ટ) ૪૦૦૬૦૭ |
| **મહેન્દ્ર વેલજી લોડાયા** | ૬૦૧, સુમતિ અપાર્ટમેન્ટસ, સંભવ કો.ઓ.હૌ.સો. સર્વોદય નગર, મુલુંડ વેસ્ટ મુંબઈ ૪૦૦૦૮૦ |
| **ચંદ્રિકા બી ખોના** | ૪ બી, ગણેશ ભગત, ઓલ્ડ કોપર ક્રોસ રોડ, કોપર ડોંબિવલી |
| **મહેશ કુંવરજી હીરજી લોડાયા** | ૧૬૦૭, રાધાનગરી સોસાયટી, રાણીસતી માર્ગ, મ્યુનિસીપલ સ્કુલની પાછળ, મલાડ ઈસ્ટ મુંબઈ - ૪૦૦૦૯૭ |
| **મેહુલ ભરત લોડાયા** | ૪૦૨ IVY, પ્રાઈડ રેસીડેન્સી, પીએમસી બેન્કની ઉપર, જી - કાર્ય આય. ટી પાર્ક કાસર વડવલી, ઘોડબંદર રોડ, થાણે વેસ્ટ - ૪૦૦૬૧૫ |
| **સુમિત વિસનજી શાહ** | આસોપાલવ એમ. ૩૩/૩૯૦, ટેલીફોન એક્સેંજની બાજુમાં, મંગલમુર્તી અપાર્ટમેન્ટની સામે, નારાણપુરા, અમદાવાદ ૧૩ |

**નવા/બદલાયેલા ફોન નંબર**

| | |
|---|---|
| **સુમિત વિસનજી શાહ અમદાવાદ** | **09099931569** |
| **જયતી સમિત શાહ અમદાવાદ** | **09909997325** |
| **લતાબેન વિસનજી શાહ સુરેન્દ્ર નગર** | **09825935345 / 09426355145** |
| **વિસનજી કેશવજી શાહ સુરેન્દ્ર નગર** | **09978440671/09427235010** |

## અંતરજાળના વિમલનાથ જિનાલયની પ્રથમ વર્ષગાંઠ - છેલ્લા કવરથી ચાલુ

ત્રણેય દિવસ દરમ્યાન આંગીની ભવ્ય અંગરચના થઈ, જેમાં કુ. પંક્તિ હરીશ ચુરલાનો મહત્વનો ફાળો રહેલ.

સંપૂર્ણ મહોત્સવના લાભાર્થી પરિવાર માતુશ્રી ભચ્ચીબાઈ પદમશીં ખીંચશી લોડાયા, સાંયરા પરિવારના પુત્રવધુ શ્રીમતી જયાબેન શાંતિલાલ લોડાયા સાંયરા, ગાંધીધામ - મુલુંડે સર્વે ઉપસ્થિત ભાઈ ભગિનિઓના ખૂબ ખૂબ અનુમોદના સહ આભાર વ્યક્ત કરેલ.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


**આ આઠવડિયે આપણે ફરી એક વખત પ્રજાસત્તાક દિન ઉજવશું. હજુ આપણામાંના કેટલાક કહે છે કે આપણે તો ગુલામીને જ લાયક છીએ. આવી ગુલામીની માનસિકતા છોડી અને સારા નાગરિક થવાનો પ્રયત્ન કરીએ.**

**- ચીમન મોતા**


શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND


વિકમશી નુખના શ્રી સચ્ચા માતાજી ને નમતા સર્વે ભાવિકો ને જખૌ સ્થાનકે પધારવાનું સપ્રેમ આમંત્રણ

**કાર્યક્રમની રૂપરેખા : તા. ૧૩.૦૪.૨૦૧૪ ચૈત્રસુદ ચોદસની રાત્રે માતાજીની ભક્તિ ભાવના,**
**તા. ૧૪.૦૪.૧૪ ચૈત્રસુદ પુનમની સવારે ગંધી બદલવવાનું અને પહેડી,**
**તા. ૧૫.૪.૨૦૧૪ ચૈત્ર વદ - એકમ ના સવારે રાણપર દેરાસરમાં સેવાપુજા ભક્તિ**

**પુછ પરછ સંપર્ક : સતિશ કાનજી વિકમશી :** 09870131193,
**અખિલેશ ધનજી વિકમશી** 09819827280, **નિલેશ કરમશી વિકમશી :** 09820782431

**સંપર્ક : મેસસ કાંતિભાઈ કરમશી કં.** ૪૧૨, મેકર ચેમ્બર્સ નં. - ૫, પ્લોટ નં. ૨૨૧, નરીમન પોઈન્ટ, મુંબઈ - ૪૦૦ ૦૨૧. ઈમેલ : kantikaramsey@vsnl.net / akhileshdv@gmail.com

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૧૧.૧૩ | ભાગનગર | નેહાર-પલ્લવી/ધવલ રમેશ ધરમશી | ભરૂડીયા | પુત્ર |
| ૧૧.૧૨.૧૩ | મુલુંડ | દેવાંશી-શ્વેતા/નિરવ હસમુખ ધરમશી | જખૌ | પુત્રી |
| ૦૯.૧૨.૧૩ | તિરપુર | સાક્ષી-સેજલ/સુરજ રતિલાલ નાગડા | પરજાઉ | પુત્રી |
| ૨૦.૧૨.૧૩ | ભાંડુપ | હર્ષિત-સ્વાતી/ભાવેશ દામજી લોડાયા | બાંઢીયા | પુત્ર |
| - | ડોંબિવલી | ભવ્ય-નેહા/હિરેન પ્રકાશ કુરુવા | ગોધરા | પુત્ર |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૧૨.૧૩ | અલપઈ | સુશાંત ચંદ્રેશ ટોકરશી લોડાયા | રવા | ૨૫ |
| | કલવા | માનસી હેમંત ઝવેરચંદ મોમાયા | વરાડીયા | ૨૪ |
| ૧૭.૧૧.૧૩ | ગદગ | ડો. પ્રતિક પ્રદિપ સોમચંદ ખોના | બારોઈ | ૨૭ |
| | રાયચુર | ડો. ભાવના રાજેન્દ્ર કુમાર ઉમરશી લાપસીયા | સાંયરા | ૨૪ |
| ૧૯.૦૧.૧૪ | માટુંગા | ભાવિન રિતેન પ્રેમચંદ સોનાવાલા (નાગડા) | નલિયા | ૨૪ |
| | હૈદ્રાબાદ | હર્ષિતા મણિકાંત મોમાયા | વરાડીયા | ૨૩ |
| ૧૯.૦૧.૧૪ | ભુજ | પાર્થ અનિલ વિરચંદ જીવરાજ સાંયા | સુજાપુર | ૨૪ |
| | ખીરકીયા | વિશાખા ઉમેશ ભવાનજી વેરશી નાગડા | લાલા | ૨૩ |

**લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૧૨.૧૩ | રાયપુર | મિલન ઉત્તમચંદ ખીમજી મૈશેરી | નાની સિંધોડી | ૨૮ |
| | ડોંબિવલી | અંકિતા પ્રશાંત શામજી મોતા | સુખપુર (નલિયા) | ૨૬ |
| ૨૪.૧૨.૧૩ | મુલુંડ | મોનેશ ચંદ્રકાંત લોડાયા | મોટી ખાવડી | ૨૮ |
| | મુલુંડ | રીટા અશ્વીન દંડ | સેવક ભરૂડીયા | ૨૪ |
| ૧૯.૦૧.૧૪ | ઘાટકોપર | અંકુર કમલેશ કાંતીલાલ સાંયા | સુજાપુર | ૨૭ |
| | રાયપુર | પ્રાચી પ્રવિણ માણેકજી મૈશેરી | નાની સિંધોડી | ૨૩ |
| ૧૯.૦૧.૧૪ | ઘાટકોપર | જીગ્નેશ હિરેન દંડ | સેવક ભરુડીયા | ૨૫ |
| | ભાંડુપ | પ્રાચી બંકિમ લોડાયા | દલતુંગી | ૨૪ |

**આંતર જ્ઞાતીય લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૧૨.૧૩ | હૈદ્રાબાદ | પ્રતિક મણિલાલ વીરજી સાવલા | મોટા આસંબીયા | - |
| | રાયપુર | રુપા નવીન ઉમરશી શિયાળ | જખૌ | ૨૭ |
| ૧૯.૦૧.૧૪ | ઘાટકોપર | ભાવિક જયંતીભાઈ ખિમજી સાલીયા | બિડળા | ૨૬ |
| | મુલુંડ | ભક્તિ હિરાચંદ ખેતશી મુરજી શિયાડ | જખૌ | ૨૪ |
| ૧૯.૦૧.૧૪ | અમદાવાદ | સંજના જલદિપ કુંવરજી નાગડા | નલિયા | ૨૩ |
| | અમદાવાદ | ગુંજન જગદીશ નટવરલાલ શાહ | નડિયાદ | ૨૭ |

**છુટા છેડા**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૦૯.૧૩ | મુલુંડ | પ્રિતેશ ગીરીષ શાહ (લોડાયા) | મોઠીખાવડી | ૩૧ |
| | કોચીન | ચાંદણી રાજેન મોમાયા | વરાડીયા | ૨૬ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૦૧.૧૪ | પુના | પ્રેમચંદ દામજી પાસુભાઈ ધરમશી | સાંધાણ | ૮૫ |
| ૧૮.૦૧.૧૪ | અમલનેર | કિશોર વાલજી ખીમજી ગોસર | બારોઈ | ૭૬ |
| ૨૦.૦૧.૧૪ | સોનગઢ | ધનબાઈ દામજી ખીમજી નાગડા | નલિયા | ૮૫ |
| ૨૧.૦૧.૧૪ | બોડેલી | હિના મુરજી પદમશી ખોના | તેરા | ૪૫ |
| ૨૧.૦૧.૧૪ | ડોંબિવલી | નવિનચંદ્ર લક્ષ્મીચદ દેવજી લોડાયા | આરીખાણા | ૫૪ |



જન્મ :
૨૨-૦૨-૧૯૬૪

સ્વર્ગવાસ :
૨૯-૧૨-૨૦૧૩

# શ્રી કમલેશ વીરચંદ માણેકજી લોડાયાને
# અશ્રુભીની શ્રદ્ધાંજલી

## પરિવાર જેનું મંદિર, સ્નેહી જેની શક્તિ, પરિશ્રમ જેનું કર્તવ્ય
## પરમાર્થ જેની ભકિત એવા દિવ્ય આત્માને શત્ શત્ નમન....

તમે વિસામો એવો લીધો કે ઘર થયું સુનુ અને દિવાલો રહે છે રડી. નયનોમાંથી નીર ખુટે છે અને દિલમાંથી દર્દ છુટે છે. તમારો હસમુખ ચહેરો, જીંદાદીલ સ્વભાવ અને પારકાને પોતાના કરવાની કળાથી આપ સર્વેના દીલમાં બિરાજ્યા છો. દેહથી નહીં તો નેહથી રહેશો અમ પાસ, સ્મૃતી તમારી છલકાશે અમ શ્વાસે શ્વાસે. આપનું અને મીલનસાર સ્વભાવ ના કારણે આજે બધા પલે પલે આપને યાદ કરે છે.

આપે ૪૯ વર્ષની નાની ઉંમરમાં ૧૦૦ વર્ષ જેટલું કામ કરીને બધાને રડતાં મુકી, પોતે હસતાં-હસતાં નવકાર મંત્રનું સ્મરણ કરીને અરીહંત શરણ પામ્યા.

પ્રભુ એ આત્મા આવ્યો આપ પાસે, શરણમાં અપનાવજો.
પરમાત્મા એ આત્માને પરમ શાંતિ તમ આપજો.

તમારા જીવન જેવી સુગંધ અને સુવાસ અમારા હ્રદયને સદા મહેકતી રાખે.
આપના સ્મૃતિદીપને પ્રજવલિત રાખનાર :

ગૌરાંગી કમલેશ જૈન (લોડાયા)
હેમાંગી - મીતાલી

| | |
|---|---|
| કાન્તાબેન વીરચંદ લોડાયા | મીનાબેન ગુલાબચંદ સોનાવાલા |
| ઝવેરબેન કુંવરજી લોડાયા | વીરાજ - વીપુલ સોનાવાલા |
| દમયંતીબેન મણીલાલ લોડાયા | જયશ્રી - અતુલ સોનાવાલા |
| લીલાવંતીબેન લક્ષ્મીચંદ મહેશ્વરી | હર્ષદા જીનેન્દ્ર શાહ |
| ઇન્દુમતીબેન વીરચંદ નાગડા | કેયા - નવકાર - કરણ |

Cont. from Pg.3



**નામ : કમલેશ શીવજી આણંદજી શીયાડ**

ગામ : તેરા અભ્યાસ : બી.કૉમ. મો. નં. ૯૮૬૯૭૭૪૨૮૯

વ્યવસાય : કપડાની દલાલી

સામાજીક કાર્ય : શ્રી. ક.દ.ઓ.. મંડળ-ડોંબિવલીના ભૂતપૂર્વ ખજાનચી, સહખજાનચી, મેમ્બર

શ્રી. ક.દ.ઓ.. મુંબઈ મહાજન વ્યવસ્થાપક સમીતીના મેમ્બર



**નામ : હેમંત રમેશ ધુલ્લા** ગામ : તેરા Mob.: 9920556270, Email : hemantdhulla@gmail.com

Qualification : B.Sc. (Chem) DMLT Profession : Pathology Laboratory (Hemants Patho World)

Social Activity : 1) 13 yrs. Honorary Service with Dombivli Manav Kalyan Kendra

2) Ex Committee Member of Dombivli K.D.O. Mandal

3) Vice President of Dynamic Youth Forum

4) Current Honorary Service at Astitva Hostel & Boarding for Mental Retarded Students

5) Shree Dombivli Welfare Group

6) Vice President - Shree Arihant Group Dombivli

7) Vice President - Dynamic Youth Forum Dombivli



**નામ : હરીશ લક્ષ્મીચંદ સાયલા** ગામ : મંજલ રેલડીયા, ઉમર : ૪૫ વર્ષ

મોબાઈલ : ૯૦૭૬૪૫૨૨૪૩ અભ્યાસ : એસ.એસ.સી.

વ્યવસાય : સર્વીસ સામાજીક કારકીર્દી : ટ્રસ્ટી શ્રી નરશીનાથા મેડીકલ ટ્રસ્ટ - મુંબઈ

માનદ મંત્રી - માનવ જ્યોત ડોમ્બીવલી શાખા, શ્રી સચ્ચામાં ભાવીક સંઘ મુંબઈ, કાર્યકર્તા

શ્રી કચ્છ યુવક સંઘ - કાર્યકર્તા ડોમ્બીવલી, શ્રી ક.દ.ઓ.. મંડળ ડોમ્બીવલી વર્તમાન કારોબારી સભ્ય

શ્રી અરીહંત ગ્રુપ કારોબારી સભ્ય - ડોમ્બીવલી, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી - કાર્યકર્તા - ડોમ્બીવલી



**નામ : જયેશ જીવરાજ લોડાયા**

ગામ : ભરૂડીયા

મો.૭૫૦૬૦૯૩૯૭૦ Email : jayeshlodaya84@gmail.com

વ્યવસાય : ટ્રેડીંગ MCX શેર માર્કેટ

સામાજીક કાર્ય : શ્રી સ્વસ્તિક ગ્રુપ-ડોંબિવલીના પ્રમુખ



**નામ : જીજ્ઞા વિજય છેડા - સુજાપુર**

મો. ૯૩૨૨૧૦૮૭૬૮ અભ્યાસ : F.Y.J.C. પ્રોફેશન - ગૃહ ઉદ્યોગ

સામાજિક કાર્ય : ૧. શ્રી કે.ડી.ઓ.. મંડળ - ડોંબિવલી ના ભૂતપૂર્વ સાંસ્કૃતિક સહચેરમેન

૨. શિવસેના-ડોંબીવલી શાખાના કાર્યકર્તા

૩. લારકીન્સ નગર મહિલા મંડળના ચેરમેન

૪. વેલફેર ગ્રુપ-કોપર રોડના કાર્યકર્તા

**સૌજન્ય : શુભેચ્છકો - શ્રી કલ્પેશ માણેકજી મોતા - રાપરગઢવારી - ઘાટકોપર**

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા - વરાડીયા (માટુંગા), અંબા શીપીંગ**



**નામ : પ્રિયા દેવેન્દ્ર મોમાયા** ગામ : સાંયરા

મોબાઈલ ૯૯૬૭૫૪૬૦૨૬ Email : paragmomaya@gmail.com

વ્યવસાય : પ્રિયા ટ્રાવેલ્સ એજન્સી

પ્રિયા કલેક્શન (ડાયાબીટીસ દવાના ડીસ્ટ્રીબ્યુટર), પ્રિયા એન્ટરપ્રાઈઝેસ

અભ્યાસ : એમ.કોમ

સામાજિક કાર્ય : ૧) ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા

૨) ડોંબીવલી (વેસ્ટ)ના ગાંવદેવી એરીયાના કાર્યકર્તા



**નામ : ઉર્વી તિલકચંદ મૈશેરી**

ગામ : સાંધાણ મો.૯૯૨૦૩૪૯૩૩૪ Email : urvi87shah@gmail.com

અભ્યાસ : T.Y.B.Com.

સર્વીસ : હીના ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

સામાજિક કાર્ય : શ્રી વિદ્યાર્થી સંઘ ઘાટકોપર ભૂતપૂર્વ સેક્રેટરી, શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળ, ભૂતપૂર્વ સભ્ય



**નામ : રાજીવ વિનય ધરમશી** ગામ : ભરૂડીયા

મો. ૯૭૭૩૦૯૮૬૪૮ ઉંમર : ૨૫

શિક્ષણ : M.B.A. Finance

વ્યવસાય : સર્વીસ, Banking Ind., AXIS Bank

સામાજીક કાર્ય : શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલીના વાઈસ પ્રેસીડન્ટ

Email : rajivrvd@gmail.com



**નામ : ભરત નરશી ખોના**

ગામ : ભરૂડીયા, ઉંમર : ૨૫,

Mob.: 8879414711 Email : bharatbnk20@gmail.com

શિક્ષણ : S.S.C. વ્યવસાય : સર્વીસ

સામાજીક કાર્ય : શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબીવલીના સહ ખજાનચી

**મતદાન દિવસ : રવિવાર, ૨ ફેબ્રુઆરી ૨૦૧૪**

**મતદાન સ્થળ : કે.બી.વીરા હાઈસ્કુલ, ડોમ્બીવલી (પુર્વ)**

**સમય : સવારના ૯ ક. થી ૫ ક.**

**"રિધ્ધી-સિધ્ધી ગ્રુપ" છે આપ સર્વેનું મિત્ર"**

**જરૂરથી અચીજા/ને આંજી પસંદગીજી મોહર અસાંજે નામ સામે લગાઈજા.**

**જાગૃત બની, આળસ છોડી, આપના મત ના અધિકારનો ઉપયોગ ફરજરૂપે જરૂરથી કરશો.**

**સૌજન્ય : શુભેચ્છકો - શ્રી કલ્પેશ માણેકજી મોતા - રાપરગઢવારી - ઘાટકોપર**

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા - વરાડીયા (માટુંગા), અંબા શીપીંગ**

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# અંતરજાળ, મહાવીરનગર, આદિપુર ના વિમલનાથ જિનાલયની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે થયેલ ત્રિહાન્કિ મહોત્સવ ની ઝલક













અંતરજાળ, મહાવીરનગર, આદિપુર મધ્યે બિરાજમાન પરમકૃપાળુ પરમાત્મા શ્રી વિમલનાથદાદાના જિનાલયની પ્રથમ વર્ષગાંઠના ત્રિહાન્કિા મહોત્સવ તા.૪.૦૧. થી ૬.૧.૧૪ દરમ્યાન નીચે મુજબના કાર્યક્રમો આયોજિત થયા.

તા. ૦૪.૦૧ના શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા. શ્રી આદિવિમલ મહિલા મંડળે ભણાવેલ. તા. ૫.૧ના બપોરના ૧૨.૩૯ કલાકે શ્રી પ્રભુજીનો અઢાર અભિષેક વિધિકાર રાજા નંદુ એન્ડ પાર્ટીના સથવારે સારી રમઝટ જમાવેલ. રાતે પ્રભુજીની ભક્તિ સભર ભાવના શ્રી રાજા નંદુ એન્ડ પાર્ટી તથા નિશાબેન સંઘવીના સથવારે ભાવપુર્વક ભણાવેલ. રાતે કચ્છી ઢોલરાંધ, મટુકડી અને દાંડિયારાસ રમાડેલ.

તા. ૦૬.૦૧ના સવારે ૯ કલાકે શ્રી સતરભેદી પૂજા તથા ધ્વજારોહણ સમારંભની વિધિવિધાનપૂર્વક ભવ્યાતિભવ્ય ઊજવણી થઈ. બપોરે શ્રી અચલગચ્છ પરિવારોનું સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ, જેમાં આજુબાજુના ગામોના પરિવારો સહ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

મહોત્સવ દરમ્યાન પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વર મ.સા.ના. શિષ્યો મુનિરાજ શ્રી રત્નાકર સાગર મ.સા. તથા શ્રી મલયસાગર મ.સા. સાધવીશ્રીજી અક્ષયગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં તથા શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં ઉલ્લાસપૂર્વક ઉજ્વણી થયેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુર ટ્રસ્ટ મંડળનો તેમ જ મહાવીરનગરના રહેવાસીઓ, સગાસંબધીઓ, મિત્રો, સાંયરાવાસીઓ તથા બહારગામથી પધારેલ મહેમાનોનો સુંદર સાથ, સહકાર અને સહયોગ સાંપડયો.

અનુસંધાન ૧૯માં પાને



To,

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**